# ગાયત્રી શક્તિનું નારી સ્વરૂપ

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।



- પં૰ શ્રીરામ શર્મા આચાર્ય

# ગાયત્રી શક્તિનું નારી સ્વરૂપ

: લેખક :

પં. શ્રીરામ શર્મા આચાર્ય

: પ્રકાશક :

યુગનિર્માણ યોજના

ગાયત્રી તપોભૂમિ, મથુરા

ફોન : (૦૫૬૫) ૨૫૩૦૧૨૮, ૨૫૩૦૩૯૯

ફેક્સ : (૦૫૬૫) ૨૫૩૦૨૦૦

: પ્રાપ્તિસ્થાન :

ગાયત્રી જ્ઞાનપીઠ

પાટીદાર સોસાયટી, જૂના વાડજ,

અમદાવાદ-૩૮૦ ૦૧૩

ફોન : ૨૭૫૫૭૨૫૨

સુધારેલી આવૃત્તિ-૨૦૦૯ કિંમત રૂા.૭.૦૦

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રકાશક :
યુગનિર્માણ યોજના
ગાયત્રી તપોભૂમિ, મથુરા
ફોન : (૦૫૬૫) ૨૫૩૦૧૨૮, ૨૫૩૦૩૯૯
ફેક્સ : (૦૫૬૫) ૨૫૩૦૨૦૦

લેખક :
પં. શ્રીરામ શર્મા આચાર્ય

કિંમત રૂા. ૭.૦૦

સન્ : ૨૦૦૯

મુદ્રક :
યુગ નિર્માણ યોજના પ્રેસ
ગાયત્રી તપોભૂમિ, મથુરા.

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# ગાયત્રી મહાશક્તિનું સ્વરૂપ અને રહસ્ય

મનુષ્યશરીરનું સંશોધન કરીને જોવામાં આવે તો  જણાશે કે પુરુષ અને સ્ત્રીનો ભેદભાવ સ્થૂળ શરીર સુધી જ છે. બંનેના મૂળમાં કામ કરનારી શક્તિમાં કોઈ જ તાત્ત્વિક ભેદ નથી. બંનેમાં સરખી વિચારશક્તિ કામ કરે છે. બંનેને સુખદુખ, હાનિલાભ, જીવનમરણ વગેરેનો અનુભવ થાય છે. જેવી ઇચ્છાઓ અને આશાઓ પુરુષને હોય છે, તેવી જ સ્ત્રીઓમાં પણ હોય છે. આત્મિક દૃષ્ટિથી બંનેમાં કોઈ  ભેદ નથી. તફાવત ફક્ત ભાવના અને શરીરના થોડાક અવયવોનો જ છે.

ગાયત્રી પણ એક જાતની ઈશ્વરીય ચેતના છે. તે સ્ત્રી કે પુરુષ નથી, છતાં પણ શાસ્ત્રોમાં તેને જનની અને માતાનું  સંબોધન કરવામાં આવ્યું છે. આ વાંચતાં જરા નવાઈ લાગતી હશે, પણ તેમાં કાંઈ ખોટું  નથી. ગાયત્રી મહાશક્તિના સ્વરૂપ અને રહસ્યને સમજ્યા બાદ આ ભેદભાવનો તફાવત સ્પષ્ટ રીતે સમજમાં આવી જશે.  જેઓ આ મહાશક્તિની ઉપાસના સ્ત્રી સ્વરૂપમાં કરવા ન ઇચ્છે તેઓ નિરાકાર બ્રહ્મ, પ્રકાશ અથવા સવિતાદેવતાની ઉપાસના માનીને પણ એ મહાશક્તિનો લાભ લઈ શકે છે. તેમાં કોઈ જ નુકસાન કે દોષ નથી. માતાનું સ્વરૂપ માનવાથી ગાયત્રી ઉપાસના જરા સહેલી થઈ જાય છે. તેથી શાસ્ત્રકારોએ તે આદ્યશક્તિને માતાનું સ્વરૂપ આપ્યું છે.

ગાયત્રી મહામંત્ર ભારતીય તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મવિદ્યાનો મૂળભૂત આધાર છે. ચારેય વેદોમાં એ જ ચોવીસ અક્ષરોની વ્યાખ્યા કરવામાં આવી છે. વડના ઝાડની  વિશાળતા એના નાનકડા બીજમાં



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જે રીતે સમાયેલી રહે છે, તેવી જ રીતે વેદોમાં જે અપાર જ્ઞાનવિજ્ઞાનનું વર્ણન છે તેને બીજ રૂપમાં ગાયત્રી મંત્રમાં જોઈ શકાય છે.

ભારતીય ધર્મમાં પ્રચલિત ઉપાસનાઓમાં ગાયત્રી જ સર્વોત્તમ છે. તેને અનાદિ માનવામાં આવી છે. દેવતા, ઋષિ, મુનિ વગેરે તેનું શરણ લઈને પ્રગતિના માર્ગ પર આગળ વધ્યા છે અને તેના આધારે જ તેમણે  સમૃદ્ધિ, સિદ્ધિ અને વિભૂતિઓ મેળવી છે. આપણો પ્રાચીન ઈતિહાસ ખૂબ ગૌરવશાળી છે. એ ગૌરવનો યશ આપણા પૂર્વપુરુષોએ મેળવેલી આત્મશક્તિને જ આપી શકાય. એ કહેવું જરૂરી નથી કે આ દિવ્ય લાભોની પ્રાપ્તિમાં ગાયત્રી મહામંત્રનું જ સર્વોત્તમ સ્થાન છે.

સ્થૂળ પ્રકૃતિની શક્તિઓની વૈજ્ઞાનિકોએ ઘણી શોધો કરી છે, છતાં પણ જે શોધ બાકી છે તે મેળવેલ જાણકારી કરતાં ઘણી વધુ છે. એમણે આ દિશામાં ખૂબ જ પ્રયત્નો કર્યા છે. જે સફળતા મળી છે તે પ્રશંસનીય છે. પ્રાચીનકાળમાં તત્ત્વદર્શી વિજ્ઞાનીઓ (ઋષિમુનિઓ) ભૌતિકવિજ્ઞાનની શક્તિ અને તેને મેળવવાની મુશ્કેલ રીતભાતથી સારી રીતે પરિચિત હતા, તેથી જ તેને બાલ - રમતની જેમ હાસ્યાસ્પદ માનીને તેની અવગણના કરતા હતા. તેમની દૃષ્ટિએ સૂક્ષ્મ જગત અને તેમાં રહેલ અદ્ભુત, અનુપમ અને દિવ્ય શક્તિઓની મહત્તા વધુ હતી. તેથી તેમણે પોતાનું બધું જ ધ્યાન એ તરફ લગાવ્યું હતું. પ્રયત્ન પણ એ દિશામાં જ કર્યો હતો. પરિણામે ધરતી પર સ્વર્ગ લાવવાનું અને મનુષ્યમાં દેવત્વનાં દર્શન કરવાનું શક્ય બન્યું હતું.

આજના વૈજ્ઞાનિકો જે રીતે ભૌતિક શક્તિઓની શોધ કરીને તેમનો ઉપયોગ યંત્રો દ્વારા કરી રહ્યા છે અને પોતાની સફળતાનો



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

લાભ માનવજાતિને આપી રહ્યા છે, તેવી જ રીતે પ્રાચીનકાળના તત્ત્વદર્શી વૈજ્ઞાનિકોએ, ઋષિઓએ ચેતનજગતમાં રહેલી એકએકથી ચડિયાતી શક્તિઓની જાણકારી મેળવી હતી અને તેના ઉપયોગનો લાભ માનવજાતિને આપ્યો હતો. આ જાતની અનેક વિભૂતિઓમાં ગાયત્રી શક્તિનું મહાન ઉપયોગ માટે અવતરણ થયું તે એક ખૂબ જ મોટું વરદાન છે.

જડ જગતમાં કામ કરનારી વિદ્યુત, ગુરુત્વાકર્ષણ, અણુવિકિરણ બ્રહ્માંડવ્યાપી ઈથર, ઉદ્દ્ભવ અને વિનાશ વગેરે અનેક શક્તિઓની શોધ કરવામાં આવી છે, તેવી જ રીતે ચેતન જગતમાં રહેલા શક્તિપૂંજોમાંથી જે કાંઈ શોધી શકાયું છે તેનું મહત્ત્વ, ઉપયોગ અને પરિણામ એટલાં બધાં છે કે જો કોઈ તેમનો થોડો પણ ઉપયોગ કરી શકે, તો પોતાના વ્યક્તિત્વને ઉન્નત કરીને મહામાનવ, અતિમાનવ અને નરનારાયણ બની શકે છે.

અણુસમૂહની ગતિશીલતાથી ભૌતિક જગતનું બધું જ કાર્ય ચાલે છે, તેવી જ રીતે સૂક્ષ્મ જગતના મહત્ આકાશમાં ચેતનાની એક અખૂટ ધારા વહે છે અને તેને લીધે જ જીવનનાં જેટલાં સ્વરૂપ વિકસિત અને અવિકસિત જીવોમાં જોવામાં મળે છે તે એ દિવ્ય ચેતનાની ગતિશીલતા જ બતાવે છે. આ અચિંત્ય, અગોચર તથા અદ્દ્ભુત વિશ્વબ્રહ્માંડમાં લહેરાતી ચેતનાનું નામ બ્રહ્મ છે. બ્રહ્મ આખા બ્રહ્માંડમાં ફેલાયેલા છે. એક કણ પણ તેમની હાજરી વિનાનો નથી. ભૌતિકજગતની કાર્યપ્રણાલીની પ્રેરણા આ બ્રહ્મ પાસેથી જ મળે છે. આઇન્સ્ટાઈન વગેરે પ્રખ્યાત વૈજ્ઞાનિકોએ નિ:સંકોચ સ્વીકાર કર્યો છે કે પ્રકૃતિને સક્રિય રાખનારી અણુગતિશીલતા ખરેખર કોઈ અજ્ઞાત ચેતનશક્તિના કાબૂમાં રહીને કામ કરે છે અને તે શક્તિને લીધે જ આ નિર્જીવ સંસાર



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સજીવ જેવી ચેષ્ટા કરી રહ્યો છે. આજના વૈજ્ઞાનિકો ભલે તે બ્રહ્મચેતનાનું સ્વરૂપ સારી રીતે સમજી શક્યા ન હોય, પણ તેનું અસ્તિત્વ ભાવનાક્ષેત્ર પૂરતું જ ન રહેતાં સ્થૂળ જગતમાં પણ પ્રત્યક્ષ અનુભવ કરવાના દિવસો હવે દૂર નથી. ભારતીય તત્ત્વદર્શીઓએ બ્રહ્મચેતનાની સત્તાને ઘણા સમય પહેલાં જ જાણી લીધી હતી અને એ શક્તિનો માનવજીવનમાં ઉપયોગ કરવાની વિધિનું એક વ્યવસ્થિત વિધાન બનાવીને માનવના મામૂલી અસ્તિત્વને બ્રહ્મભૂત થવાની મહાન સ્થિતિમાં બદલી નાખ્યું હતું. એ વિજ્ઞાનને અધ્યાત્મનું નામ આપવામાં આવ્યું છે.

મામૂલી દેખાતો અણુ અર્થાત્ આત્મા જે વિધિનો આધાર લઈને વિભુ બની શકે, નરમાંથી નારાયણના રૂપમાં વિકાસ પામી શકે, પરમાત્મા બની શકે તે વિદ્યાનું નામ અધ્યાત્મ અથવા બ્રહ્મવિદ્યા રાખવામાં આવ્યું. બ્રહ્મ પોતે દૃષ્ટા માત્ર છે, છતાં પણ પોતાની મહત્તા અને ગૌરવ પ્રમાણે ઉત્પાદન અને વ્યવસ્થાનાં કાર્યો પણ કરે છે. તેની સક્રિયતા-શક્તિ જો કે તેનું જ અંગ છે, તો પણ તેની ક્રિયાપદ્ધતિની ભિન્નતાને જોતાં તેને બ્રહ્મની પૂરક શક્તિ પણ કહી શકાય છે.

પુરાણોમાં ગાયત્રી મહાશક્તિનું વર્ણન બ્રહ્માજીની પત્નીના રૂપમાં થયું છે. બ્રહ્મની અર્ધાંગિની અર્થાત્ શક્તિ. પૌરાણિક કથા પ્રમાણે એમાં અલંકાર એ છે કે બ્રહ્માજીને બે પત્નીઓ હતી. એક ગાયત્રી અને બીજી સાવિત્રી. ચેતનજગતમાં કામ કરનારી શક્તિને ગાયત્રી તથા ભૌતિક જગતનું સંચાલન કરનારી શક્તિને સાવિત્રી કહેવાય છે. ભૌતિકવિજ્ઞાન સાવિત્રી ઉપાસનાનું વિધાન રજૂ કરે છે. જુદી જુદી વૈજ્ઞાનિક શોધો અને સાધનો સાવિત્રી શક્તિની કૃપાની જ નિશાની છે. પ્રાણીઓની અંદર જુદી જુદી



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જાતની પ્રતિભાઓ, વિશેષતાઓ અને મહત્તાઓના રૂપમાં ગાયત્રી શક્તિ જ રહેલી છે.

ભૌતિક જગતના વૈજ્ઞાનિકો પોતાની પ્રયોગશાળાઓ, મશીનો તથા કારખાનાંના માધ્યમથી જે લાભ મેળવે છે તેવો જ લાભ આ ચેતનશક્તિ ગાયત્રીના ઉપયોગનું વિધાન જાણનારાઓ મેળવી શકે છે. જ્યારે સામાન્ય સ્થિતિનો માણસ પણ ચૈતન્ય સાગરમાં ઊછળતી બ્રાહ્મી શક્તિનો આશરો લે છે ત્યારે તે મહામાનવ તથા અતિમાનવ બની જાય છે. આકાશવાણીનાં અનેક સ્ટેશનો પરથી એક સાથે ઘણા કાર્યક્રમો પ્રસારિત થતા રહે છે, પણ આપણો રેડિયો જો બંધ પડ્યો રહે તો તેના દ્વારા કાંઈ જ સાંભળી શકાતું નથી, પણ જો તેને ચાલુ કરવામાં આવે અને એક ચોક્કસ મીટર ઉપર તેનો કાંટો રાખવામાં આવે તો એ સ્ટેશનનો કાર્યક્રમ સાંભળી શકાશે. બરાબર તેવી જ રીતે બ્રાહ્મી મહાશક્તિ અર્થાત્ ગાયત્રી સર્વવ્યાપક હોવા છતાં પણ તેની સાથે સંબંધ ન જોડનાર લોકોનું કાંઈ જ કલ્યાણ કરી શકતી નથી, પણ જે તેની સાથે પોતાની અંતઃચેતનાને જોડી દે છે તે એ ધારાનું અવતરણ પોતાનામાં થતું અનુભવે છે અને તેનો લાભ મેળવે છે. જેમ એક ખાલી તળાવને પાણીથી ભરપૂર તળાવની સાથે નહેર દ્વારા જોડી દઈએ તો થોડી જ વારમાં એ તળાવ ભરાઈ જાય છે તેવી જ રીતે ગાયત્રી ઉપાસનાની શાસ્ત્રોક્ત પદ્ધતિ એવી જ એક વૈજ્ઞાનિક પ્રણાલી છે કે જે જીવને બ્રાહ્મી સત્તાની સાથે જોડીને પેલા ખાલી તળાવની જેમ પૂરતો લાભ આપે છે.

સાધારણ ઉપાસનાક્રમમાં ગાયત્રીને એક દેવીના રૂપમાં ભજવામાં આવે છે. ત્રિકાળ સંધ્યામાં બ્રાહ્મી, વૈષ્ણવી અને શાંભવીના રૂપમાં તેનું ધ્યાન તથા ભજન કરવામાં આવે છે. માતાના રૂપમાં તેની ભાવના કરીએ છીએ અને સ્ત્રી આકૃતિની મૂર્તિમાં તેનું



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પૂજનવંદન કરીએ છીએ, પણ આ તો ધ્યાનની એકાગ્રતા અને ભક્તિભાવના જગાડવાનો ફક્ત ઉપાય છે. ઉપાસના માટે માનવીય મનોભૂમિની રચના મુજબ શબ્દ અને ભાવોને નક્કી કરવા પડે છે. વિદ્યુત મહાશક્તિના વિશ્વવ્યાપી સૂક્ષ્મરૂપને વૈજ્ઞાનિકો જાણે છે. સામાન્ય લોકો તો તેને બત્તી, પંખા વગેરેના રૂપમાં કામ કરતાં જુએ છે. તેમની નજરમાં આ સાધનો જ વિદ્યુત મહાશક્તિનું પ્રત્યક્ષ રૂપ છે. બરાબર તેવી જ રીતે ગાયત્રીની માતાના રૂપમાં પૂજાઉપાસના કરવામાં આવે છે અને તેની સાથે સાંસારિક માતા અને બાળક જેવો જ સંબંધ રાખવામાં આવે છે. આ વિધાન જરૂરી છે કેમ કે નિરાકાર તત્ત્વની સાથે પંચભૌતિક મન પોતાનો સંબંધ જોડી શકતું નથી. નિરાકારનું ધ્યાન કરવું શક્ય નથી અને તેની સાથે કોઈ પણ જાતની આત્મીયતાની ભાવના પણ જાગતી નથી. તેથી બ્રાહ્મી શક્તિ નિરાકાર હોવા છતાં પણ ઉપાસના માટે સાકાર રૂપમાં જ તેની સ્થાપના કરવી પડે છે. જો તેમ કરવામાં ન આવે તો ધ્યાન જેવી ઉપાસનાની પ્રક્રિયાનાં દ્વાર જ બંધ થઈ જશે. તેથી ગાયત્રી માતાની સાકાર રૂપમાં ઉપયોગિતા જરૂરી માનીને આપણે એ જાણવું પડશે કે બ્રાહ્મી મહાશક્તિ હકીકતમાં એક વિશ્વવ્યાપી ચેતનતત્ત્વ છે અને તેને પ્રાણીઓના પ્રાણના રૂપમાં દેખી શકાય છે.

ગાયત્રી ઉપાસનાથી આપણે આપણા સામાન્ય પ્રાણને મહાપ્રાણમાં ફેરવીને વિકસિત કરીએ છીએ. માનવના શરીરમાં રહેનાર સાધારણ પ્રાણનું પ્રયોજન પોતાની શારીરિક તથા માનસિક પ્રવૃત્તિઓને ચાલુ રાખવાનું છે. તે પ્રાણમાંથી નિરંતર શક્તિકંપનો ઉત્પન્ન થાય છે. તેમનો બીજો કાંઈ ઉપયોગ ન હોવાથી તે શૂન્યમાં જઈને સમાપ્ત થઈ જાય છે. પ્રાણીને તેનો ખાસ લાભ મળી શકતો નથી. એ પ્રાણતત્ત્વનાં શક્તિ કંપનોને સુરક્ષિત



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રાખવાનો કોઈ ઉપાય મળી આવે તો એક અખૂટ ભંડારના રૂપમાં તે શક્તિ- કંપનો એકઠાં થઈને પ્રાણીને સાચા અર્થમાં શક્તિવાન બનાવી શકે છે.

ગાયત્રીનું નામ તેનાં કાર્ય અને સ્વભાવને ધ્યાનમાં રાખીને જ રાખવામાં આવ્યું છે. મહાશક્તિની સાથે સંબંધ હોવાથી તેનો પહેલી પ્રતિક્રિયા એ થાય છે કે સાધકનો પ્રાણપ્રવાહ શૂન્યમાં વિખેરાતો અટકી જાય છે. તેનાથી કોઈ મહત્ત્વપૂર્ણ પ્રયોજન સિદ્ધ થવા માટે તેનું સંરક્ષણ થાય છે. વરસાદનું પાણી નદીનાળામાં વહી જાય છે, પણ જો તેને બંધ બાંધીને રોકવામાં આવે તો સિંચાઈ, વીજળી ઉત્પાદન વગેરે ઘણાં કામ થઈ શકે છે. ગાયત્રી ઉપાસના પ્રાણશક્તિને વહી જતી રોકે છે, તેની રક્ષા કરે છે અને એ સંરક્ષણથી લાભ પામેલ ઉપાસક દિવસેદિવસે પ્રગતિના માર્ગે આગળ વધતો જાય છે. આ તથ્યને ધ્યાનમાં રાખીને એ મહાશક્તિનું નામ ગુણ પ્રમાણે આપણા તત્ત્વદર્શી મુનિઓએ 'ગાયત્રી' રાખ્યું છે.

**પરમાત્મનસ્તુ યા લોકે બ્રહ્મશક્તિર્વિરાજતે ।**
**સૂક્ષ્મા ચ સાત્ત્વિકા ચૈવ ગાયત્રીત્યભિધીયતે ॥**

'બધા લોકોમાં રહેલી જે સર્વવ્યાપક પરમાત્મ શક્તિ છે, તે ખૂબ સૂક્ષ્મ સત્પ્રકૃતિ જ ચેતનશક્તિ ગાયત્રી છે.'

"બધા લોકોમાં આવેલી, જે સર્વવ્યાપક પરમાત્મ શક્તિ છે, તે ખૂબ સૂક્ષ્મ સત્પ્રકૃતિ જ ચેતનશક્તિ ગાયત્રી કહેવાય છે."

પોતાનો પરિચય આપતાં આ મહાશક્તિએ શાસ્ત્રોના કથા પ્રસંગોમાં આ રહસ્યનું સ્પષ્ટીકરણ કર્યું છે કે મનુષ્યની અંદર જે સચેતન વિશેષતા છે તેના મૂળમાં બ્રાહ્મી શક્તિનો જ વૈભવ રહેલો છે. ધનસંપત્તિ તો લોકો યોગ્ય કે અયોગ્ય ઉપાયોથી કમાઈ લે છે. ભાગ્યવશ મૂર્ખ માણસ પણ સમૃદ્ધ અને શ્રીમાન બની જાય છે,



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પણ જો કોઈનું વ્યક્તિત્વ વિકાસ પામી રહ્યું હોય તો તેના મૂળમાં આ બ્રાહ્મી ચેતના ગાયત્રી જ કામ કરી રહી હશે. જે શક્તિના આધારે લોકો અનેક જાતની સફળતાઓ મેળવી લે છે તે શક્તિને ભૌતિક નહિ, પણ આત્મિક જ માનવી જોઈએ. આત્મબળના અભાવે સમૃદ્ધિ મેળવવી તો દૂર રહી, પણ માણસ તેને સાચવી પણ શકતો નથી. આ રહસ્યનું સ્પષ્ટીકરણ એ શક્તિના શ્રીમુખથી આ રીતે થયું છે :

**અહં બુદ્ધિરહં શ્રીશ્ચ ધૃતિઃ કીર્તિઃ સ્મૃતિસ્તથા ।**
**શ્રદ્ધા મેધા દયા લજ્જા ક્ષુધા તૃષ્ણા તથા ક્ષમા ॥**
**કાન્તિઃ શાન્તિઃ પિપાસા ચ નિદ્રા તન્દ્રા જરાઽજરા ।**
**વિદ્યાઽવિદ્યા સ્પૃહા વાંછા શક્તિશ્ચાશક્તિરેવ ચ ॥**
**વસા મજ્જા ચ ત્વક્ ચાહં દૃષ્ટિર્વાગનૃતા ઋતા ।**
**પરામધ્યા ચ પશ્યન્તી નાડ્યોઽહમ્ વિવિધાશ્ચ યાઃ ॥**
**કિં નાહં પશ્ય સંસારે મદ્વિયુક્તં કિમસ્તિ હિ ।**
**સર્વમેવાહમિત્યેવં નિશ્ચયં વિદ્ધિ પદ્મજ ॥**

– દેવી ભાગવત ૩/૬/૮-૧૧

"હું શું છું ? આ સંસારમાં મારા સિવાય બીજું કાંઈ જ નથી. બુદ્ધિ, ધૃતિ, કીર્તિ, સ્મૃતિ, શ્રદ્ધા, મેધા, દયા, લજ્જા, ક્ષુધા, તૃષ્ણા, ક્ષમા, કાંતિ, શાંતિ, પિપાસા, નિદ્રા, તંદ્રા, જરા, અજરા, વિદ્યા, અવિદ્યા, સ્પૃહા, વાંછા, શક્તિ, અશક્તિ, વસા, મજ્જા, ત્વચા, દૃષ્ટિ, અસત અને સત વાણી, પરા, મધ્યમા, પશ્યંતી, નાડીસંસ્થાન વગેરે બધું જ હું છું."

**મયાસો અન્નમત્તિ યો વિપશ્યતિ યઃ પ્રાણિતિ ય ઈ શ્રૃણોત્યુક્તમ્ ।**
**અમન્તવો માંતમુપક્ષિયન્તિ શ્રુધિ શ્રુત શ્રદ્ધિવં તે વદામિ ।**

- ઋ ૧૦/૧૨૫/૪



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

"આ વિશ્વ મારાથી જ જીવે છે. મારા દ્વારા જ અન્ન મળે છે, મારી શક્તિથી જ બોલે અને સાંભળે છે. જે મારી અવગણના કરે છે તેનો નાશ થઈ જાય છે. હે શ્રદ્ધાવાન ! સાંભળો, આ રહસ્ય હું તમારા કલ્યાણ માટે જ કહું છું."

પ્રકૃતિએ જડ પદાર્થો બનાવ્યા. પદાર્થોની રચના તેણે કરી, પણ તે પદાર્થોને વ્યવસ્થિત કરવાની અને ઉપયોગમાં લાવવાની શક્તિ ચેતનામાં જ રહે છે. ચેતના વિના અથવા ચેતન થોડું હોવાને લીધે સુખનાં અનેક સાધનો હોવા છતાં પણ તેમનો કાંઈ જ ઉપયોગ નથી. સોનું જમીનમાં દાટ્યું હોય પણ કોઈ માણસને તેની ખબર ન હોય અથવા તેને કાઢવાનું કામ કરનાર કોઈ ન હોય ત્યારે તે સોનું જ્યાંનું ત્યાં જ પડ્યું રહેશે, તેનાથી કોઈને કાંઈ જ લાભ નહિ થાય. તેવી જ રીતે શરીર જેવું કીમતી યંત્ર કે જે મસ્તક દ્વારા ઘણું ઘણું વિચારે છે, હાથપગથી પણ ઘણું કામ કરે છે અને ઈન્દ્રિયો દ્વારા ઘણો રસાસ્વાદ કરે છે, પણ તેમાંથી જો ચેતનતત્ત્વ નીકળી જાય તો તે નકામું બની જાય છે. તેથી શરીરની વિશિષ્ટતામાં ચેતન તત્ત્વનું જ મુખ્ય સ્થાન છે. બધાં જ સુખસાધનોનો ખરો આધાર અને મૂળ સ્રોત તે જ છે.

## ગાયત્રીનું સ્ત્રી સ્વરૂપ શા માટે ?

ઘણી વ્યક્તિઓ પૂછે છે કે ગાયત્રી મહાશક્તિને સ્ત્રી સ્વરૂપે કેમ પૂજવામાં આવે છે ? બીજા બધા દેવતાઓ તો પુરુષરૂપ છે. વળી એમ પણ કહેવામાં આવે છે કે ગાયત્રી મંત્રમાં સવિતા દેવતાની પ્રાર્થના માટે પુલ્લિંગ શબ્દોનો પ્રયોગ થયો છે, તો પછી તેને સ્ત્રી રૂપ કેમ આપવામાં આવ્યું છે ?

આ શંકાઓના મૂળમાં મનુષ્યની એ માન્યતા કામ કરે છે કે પુરુષ શ્રેષ્ઠ છે અને સ્ત્રી ક્ષુદ્ર તથા હલકી છે. ઘરમાં સ્ત્રીઓ પુરુષની



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સેવાપૂજા કરે છે, તેના આધિપત્યમાં રહે છે. આથી તેને નાની અને તુચ્છ માનવામાં આવે છે. સ્ત્રીનું વર્ચસ્વ સ્વીકારવામાં પુરુષો પોતાનું અપમાન માને છે. સ્ત્રી અધિકારીના હાથ નીચે પુરુષ કર્મચારીઓને કામ કરવું પડે તો ભલે બહારથી તેઓ કાંઈ પણ ન કહેતા હોય, તો પણ અંદરથી મનમાં ને મનમાં કચવાટ અનુભવે છે. કોઈ ઘરમાં સ્ત્રીનું વર્ચસ્વ હોય અને પુરુષ તેને અનુસરતો હોય તો તેની મજાક કરવામાં આવે છે. આ પુરુષની સ્ત્રીજાતિ તરફની સામંતયુગી તિરસ્કાર બુદ્ધિ છે. આવી ઘર કરી ગયેલી માન્યતાને લઈને પુરુષ એમ માને છે કે પુરુષ રૂપ દેવતાઓ હોવા છતાં સ્ત્રીસ્વરૂપની પૂજા શા માટે કરવી? તેમની આગળ મસ્તક નમાવવામાં પોતાના નરતત્ત્વ અર્થાત્ પુરુષત્વને હલકું શા માટે પાડવું?

ભગવાનને સ્ત્રી સ્વરૂપમાં પૂજવાથી કોઈને કાંઈ નુકસાન નથી, પરંતુ લાભ જ છે. માતાના હૃદયમાં અપાર વાત્સલ્ય હોય છે. જેટલી દયા અને મમતા માતામાં હોય છે એટલી બીજા કોઈ પણ સંબંધીમાં હોતી નથી. ઉપાસના માટે ભગવાનની સાથે કોઈ પણ સંબંધની કલ્પના તો કરવી જ પડે છે. નિરાકાર બ્રહ્મનું ધ્યાન થઈ શકતું નથી. ધ્યાન વિના ઉપાસના થઈ શકતી નથી. નિરાકારવાદીઓ પણ ધ્યાન તથા ઉપાસના માટે પ્રકાશનું ધ્યાન કરે છે. પ્રકાશ પણ પાંચ મહાભૂતની અંતર્ગત જ આવે છે. જે પ્રકાશબિંદુ તથા સૂર્યમંડળનું ધ્યાન કરવામાં આવે છે તેમનો પણ કોઈક આકાર તો બની જક જાય છે, એટલે ઉપાસનામાં કોઈ આકાર તો નક્કી કરવો જ પડે છે. એ આકારની સાથે જેટલી આત્મીયતા, મમતા તથા એકતા હશે તેટલા પ્રમાણમાં મન એકાગ્ર થશે અને ભાવનાત્મક તદ્રૂપતાની સાથે સાથે ભગવત્પ્રાપ્તિ તરફ પ્રગતિ થતી રહેશે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જેની સાથે ઘનિષ્ઠતા રાખવામાં આવે છે તેની સાથે કોઈક સંબંધ તો બંધાઈ જાય છે. સંબંધનો અર્થ છે અસાધારણ ઘનિષ્ઠતા. કુટુંબના સભ્યો અને કન્યાઓની આપ લે કરવાથી થતા સંબંધને સગાંસંબંધી કહેવાય છે. એ સિવાયનાને મિત્ર કે ગુરુજન કહીએ છીએ. આ વર્ગોમાં સ્વાભાવિક રીતે પ્રેમ વધે છે. તેમના મિલનથી સુખ અને વિયોગથી દુખ થાય છે. ભગવાનને મેળવવા માટે તેની સાથે પ્રેમસંબંધ દઢ કરવો પડે છે અને એ માટે તેની સાથે કોઈ પ્રેમપાત્ર, કુટુંબી, સગા કે મિત્ર જેવો સંબંધ નક્કી કરવો પડે છે. આ સંબંધમાં જેટલી વધુ આત્મીયતા હશે તેટલો જ સામેથી પ્રેમભાવ પ્રાપ્ત થશે. ઘુમ્મટ અથવા કૂવાના પડઘાની જેમ આપણો જ પ્રેમ ઈશ્વરીય પ્રેમ કે કૃપા બનીને આપણને પાછો મળે છે. જે કક્ષાનો ભાવ કે પ્રેમ આપણે ભગવાન પ્રત્યે દર્શાવીશું તે પ્રમાણે જ દીવાલ પર ફેંકેલા રબરના દડાની જેમ ભગવાનની અનુકંપા આપણી પાસે પાછી આવે છે. એટલા માટે ભગવાનને કોઈ ને કોઈ સંબંધી માનીને ઉપાસના જોઈએ. આ માન્યતાના આધારે જ ઉપાસનામાં પ્રગતિ થઈ શકે છે.

ભગવાનની સાથે કોઈ પણ સંબંધની કલ્પના કરી શકાય છે અને એ એક જ પરમાત્માને કોઈ પણ આત્મીય ભાવથી જોઈ શકાય છે. તેના માટે કોઈ પણ માન્યતા યોગ્ય છે. કહેવાયું છે કે -

**ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ ।**
**ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વં મમ દેવ દેવ ॥**

પ્રાર્થનામાં જે સંબંધોને ગણાવવામાં આવ્યા છે તેમાં માતાનો સંબંધ સર્વપ્રથમ અને સર્વોપરી છે, કારણ કે માતાથી વધુ શ્રેષ્ઠ, પરમનિઃસ્વાર્થ, અતિશય કોમળ, દયા તથા વાત્સલ્યથી પૂર્ણ બીજો



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કોઈ પણ સંબંધ હોઈ શકે જ નહિ. જ્યારે આપણે ભગવાનને માતા માનીને ઉપાસના કરીએ છીએ ત્યારે તેની પ્રતિક્રિયા સહૃદયી માતાના વાત્સલ્યના રૂપે જ પ્રાપ્ત થાય છે. એને મેળવીને સાધક ધન્ય થઈ જાય છે.

પિતાથી માતાનો દરજ્જો સોગણો વધારે બતાવવામાં આવ્યો છે. આમ તો પિતા પણ બાળકોને વહાલ કરે છે, પણ એ વહાલની કક્ષા માતાના વહાલની બરાબરી કરી શકતી નથી. એટલા માટે ભગવાનને માતાના રૂપે કલ્પીને આગળ વધવું એ આપણા પોતાના જ હિતમાં છે. એનાથી ઉપાસકને પોતાને જ વિશેષ લાભ પ્રાપ્ત થાય છે.

સ્ત્રી પ્રત્યે મનુષ્યમાં એક વાસનાત્મક દુષ્ટતાની પ્રવૃત્તિ જડ ઘાલીને બેઠી છે. નર અને નારી વચ્ચે કામુકતાની ભાવનાને દૂર કરી શકાય, તો વિષને અમૃતમાં બદલી નાખવા જેવું સદ્ભાવનાત્મક રસાયણ બની શકે છે. સ્ત્રી અને પુરુષની વચ્ચે 'રતિ' અને 'પ્રાણ' ની વિદ્યુતધારા વહે છે. એનો સંપર્ક વિદ્યુતના 'નેગેટિવ' અને 'પોઝીટિવ' પ્રવાહના સંયોગથી પેદા થતી શક્તિના જેવો પ્રભાવ ઉત્પન્ન કરે છે. માતા અને પુત્રનું મિલન એક અત્યંત ઉચ્ચકક્ષાના આધ્યાત્મિક વિદ્યુતપ્રવાહનું સર્જન કરે છે. માતાના પ્રેમથી વંચિત રહેતાં બાળકોમાં બીજી અનેક સગવડતાઓ પૂરતા પ્રમાણમાં મળતી હોવા એક મોટો માનસિક અભાવ રહેતો જોવામાં આવે છે. સ્ત્રીઓ પુરુષને પત્ની, બહેન, પુત્રી વગેરેના રૂપે પણ મહત્ત્વપૂર્ણ ભાવનાત્મક પોષણ આપે છે અને તેની માનસિક અપૂર્ણતાને પૂરી કરવામાં મદદરૂપ થાય છે. આ સાંસારિક ક્ષેત્રની બાબત ઉપાસનાના ભાવનાક્ષેત્રમાં પણ લાગુ પડે છે. માતાનું સ્ત્રી રૂપ ધ્યાનની ભૂમિકામાં જ્યારે પ્રવેશ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કરે છે ત્યારે ઉપાસકમાં પ્રાણની એક મોટી અપૂર્ણતા પૂરી થાય છે.

યુવાન સ્ત્રીના રૂપમાં માતાનું ધ્યાન કરીને સ્ત્રી પ્રત્યેની વાસનાત્મક દષ્ટિને દૂર કરીને તેના પ્રત્યે પવિત્ર ભાવ રાખવાનો અભ્યાસ કરવામાં આવે છે. તેમાં જેટલે અંશે સફળતા મળતી જશે તેટલી જ બાહ્ય જગતમાં પણ સ્ત્રી પ્રત્યેની આપણી વાસનાદષ્ટિ ઘટતી જશે. આ રીતે સ્ત્રી- પુરુષ વચ્ચે એક પવિત્રતાની ભાવના સ્થપાશે અને એટલે અંશે આત્મિક અવરોધો અને વિકારો દૂર થતાં તેનો લાભ સહજ રીતે મળવા લાગશે. ગાયત્રી માતાનું ધ્યાન એક વૃદ્ધ સ્ત્રીના રૂપમાં નહિ, પરંતુ યુવતીના રૂપે કરવામાં આવે છે. યુવતીમાં જો ઉત્કૃષ્ટતા તથા પવિત્રતાની ભાવના રાખી શકાય તો સમજો કે આપણું આત્મિક સ્તર સિદ્ધયોગીઓ જેવું તેજસ્વી બની ગયું. ગાયત્રી ઉપાસનામાં આ મહાશક્તિને સ્ત્રીરૂપ આપીને એક મહાન આધ્યાત્મિક જરૂરિયાતને પૂરી કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

ભાષાની દષ્ટિએ 'શક્તિ' સ્ત્રીલિંગ છે એ રીતે પણ જો ધ્યાનમાં સ્ત્રી રૂપની કલ્પના કરવામાં આવે, તો પણ તેમાં કશું અયોગ્ય નથી. એ મહામંત્રમાં સવિતા દેવતા માટે પુલ્લિંગ શબ્દોનો પ્રયોગ ભલે કરવામાં આવ્યો હોય, છતાં તે છે તો સ્તુતિ કે પ્રાર્થના જ. પ્રાર્થના અને સ્તુતિ બંને શબ્દ સ્ત્રીલિંગ જ છે. એ સ્થિતિમાં જો ગાયત્રીનું સ્ત્રીરૂપ નક્કી કરવામાં આવે તો તેમાં ખરાબ શું છે ? સાચું તો એ છે કે શક્તિતત્ત્વને સ્ત્રી-પુરુષના જાતિભેદમાં વહેંચી શકાતું નથી. એ વિભાજન તો શરીરધારી પ્રાણીઓમાં સંસારક્રમ ચાલુ રહે તે માટે સંતાનોત્પત્તિના હેતુ માટે જ હોય છે. દિવ્ય-શક્તિઓ શરીરધારી નથી કે તેમને પ્રજનનકાર્ય પણ કરવાનું હોતું



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

નથી. એ સ્થિતિમાં એમનામાં વાસ્તવિક લિંગભેદ નથી. તેમને સ્ત્રી-પુરુષના રૂપમાં તો ધ્યાનની સગવડતાને માટે જ ચિત્રિત કરવામાં આવે છે અને ભાષામાં જે રીતે લિંગનો પ્રયોગ થાય છે તે આધારે તેમનું શરીર બનાવી દેવામાં આવે છે. આ વસ્તુ વાસ્તવિક નથી, પણ માનવની કલ્પના છે.

અગ્નિ અને તેજ, વાયુ અને મરુત્, ઉપવન અને વાટિકા વગેરે શબ્દો જુદી જુદી ભાષાઓમાં નર કે નારી જાતિમાં એકસરખા વપરાતા નથી, છતાં એક જ વસ્તુનાં બે કાલ્પનિક સ્વરૂપ છે, વસ્તુભેદ નથી. શૈયા અને પલંગ એક જ હોવા છતાં પણ લિંગ જુદાં છે. ચંદ્રમાને હિન્દીમાં નર અને અંગ્રેજીમાં નારી માનવામાં આવે છે, વાસ્તવમાં ચંદ્રમા એક ઉપગ્રહ, પિંડ જ છે. તે નથી નર કે નથી નારી. ભાષાની કલ્પનામાં તેને નરનારીના રૂપે માનવામાં આવે છે. પરબ્રહ્મની સર્વોપરી શક્તિને સ્ત્રી કહેવામાં આવે કે પુરુષ તેનો આધાર આપણી ભાષા અને કલ્પના પર રહેલો છે. હકીકતમાં તે લિંગભેદથી દૂર છે. ઉપાસનામાં ગાયત્રીની સરખામણી સ્ત્રી સાથે કરીને આપણે આપણો જ સાધનાત્મક અને ભાવનાત્મક ઉદ્દેશ પૂરો કરીએ છીએ. તેથી તેમાં શંકા કે વાદવિવાદની કોઈ જ શક્યતા નથી.

પુરુષને જન્મ આપનાર હોવાથી ખરી રીતે સ્ત્રી તેનાથી ઘણી વધુ પવિત્ર અને શ્રેષ્ઠ છે. તેનું સ્થાન ખરેખર ખૂબ ઊંચું છે. માતાનું પૂજ્ય સ્થાન પિતાથી પણ ઊંચું છે. પુરુષની ખામીઓ સ્ત્રીના પ્રેમસિંચનથી જ દૂર થાય છે. તેથી જો સ્ત્રીના રૂપમાં આપણા ઇષ્ટદેવ હોય તો તે યોગ્ય જ છે. અનાદિકાળથી ભારતીય ધર્મમાં જે માન્યતા ચાલી આવી છે તે મુજબ માત્ર માતાને જ નહિ, પરંતુ પત્નીને પણ પતિથી મોટું અને પહેલું સ્થાન મળેલું છે. પતિપત્નીનાં સંયુક્ત નામોમાં પત્નીને પહેલું સ્થાન મળ્યું છે. લક્ષ્મીનારાયણ, સીતારામ,



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રાધે-શ્યામ, ઉમામહેશ, શચીપુરંદર, માતાપિતા, ગંગાસાગર વગેરે નામોમાં પત્નીને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. તેનું કારણ તેની ઉચ્ચતા જ છે. આ દૃષ્ટિથી પણ દેવતાનું પુલ્લિંગ સ્વરૂપ વધુ ઉત્તમ છે કે સ્ત્રીલિંગ સ્વરૂપ વધુ ઉત્તમ છે તે વિચારવામાં આવે તો તેનો સહજ જવાબ સ્ત્રીના રૂપમાં જ મળશે. આવી સ્થિતિમાં ગાયત્રી શક્તિને સ્ત્રીરૂપ આપીને તેને જે પૂજ્ય સ્થાને બેસાડવામાં આવી છે તેમાં કાંઈક અયોગ્ય થયું છે એમ માનવું યોગ્ય નથી. પુરુષની શ્રેષ્ઠતાનો અહંકાર જ આવા પ્રશ્નો ઊભા કરે છે.

ઉપરોક્ત તથ્યોની પુષ્ટિમાં શાસ્ત્રોમાં અનેક પ્રમાણ મળે છે. તેમાંથી થોડાંક નીચે આપવામાં આવ્યાં છે -

**અચિન્ત્યસ્યાપ્રમેયસ્ય નિર્ગુણસ્ય ગુણાત્મનઃ ।**
**ઉપાસકાનાં સિદ્ધયર્થં બ્રહ્મણો રૂપકલ્પના ॥**

"પરબ્રહ્મની બધી શક્તિઓ અચિન્ત્ય અને નિર્ગુણ છે. એ સ્વરૂપો ઉપાસકોને સમજવવા માટે ઋષિઓએ અનેક રૂપોની કલ્પના કરીને મૂર્તિઓ બનાવી છે."

**ભેદ ઉત્પત્તિકાલે વૈ સર્ગાર્થં પ્રભવત્યજ ।**
**દશ્યાદશ્ય વિભેદોઽયં દ્વૈવિધ્યે સતિ સર્વથા ॥૬॥**
**નાઽહં સ્ત્રી પુમાંશ્ચાહં ન ક્લીવં સર્ગસંક્ષયે ।**
**સર્ગે સતિ વિભેદઃ સ્યાત્ કલ્પિતોઽયં ધિયા પુનઃ ॥૭॥**
**અહં બુદ્ધિરહં શ્રીશ્ચ ધૃતિઃ કીર્તિઃ સ્મૃતિસ્તથા ।**
**શ્રદ્ધા, મેધા, દયા, લજ્જા, ક્ષુધા, તૃષ્ણા તથા ક્ષમા ॥૮॥**

– દેવી ભાગવત ૩/૬

"ઉત્પત્તિના સમયે સૃષ્ટિના અર્થથી જ ભેદ જણાય છે. આ દશ્ય - અદશ્યનો ભેદભાવ હંમેશાં રહે છે, એટલે કે સૃષ્ટિ દશામાં બ્રહ્મ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

અને બ્રહ્મશક્તિ બંને સ્વતંત્ર રૂપે પ્રગટ થાય છે. પ્રલય થઈ જતાં ન હું સ્ત્રી રહું છું, ન પુરુષ કે ન નપુંસક. ફક્ત સૃષ્ટિકાળમાં જ બુદ્ધિ દ્વારા કલ્પવામાં આવેલો ભેદ જોવા મળે છે. સૃષ્ટિના વિકાસની અવસ્થામાં જ બુદ્ધિ, શ્રી, ધૃતિ, કીર્તિ, શ્રદ્ધા, મેધા, દયા, લજ્જા, ક્ષુધા, પિપાસા અને ક્ષમા હું જ છું."

**અરૂપં ભાવનાગમ્યં પરં બ્રહ્મ કુલેશ્વરિ ।**
**અરૂપાં રૂપિણીં કૃત્વા કર્મકાંડરતા નરાઃ ॥**

– કુલાર્ણવ તંત્ર

"તે ઈશ્વરીય શક્તિ અરૂપ અને ફક્ત ભાવનામય છે, પણ કર્મકાંડમાં સંલગ્ન મનુષ્ય તે અરૂપ (રૂપ વિનાની) શક્તિમાંથી જ રૂપની કલ્પના કરી લે છે."

**એવં વિધો યો ભગવાન્ ચિદાત્મા સા એવ ગાયત્રી.....ગાયત્રીપરમેશ્વરાવેવ તથૈવ ચેતનપુરુષસ્ય દ્વે નામ્ની ધ્યાને તુ સ્ત્રીલિંગઃ ।**

– વિષ્ણુ ધર્મોત્તર

"આ રીતે જે ભગવાન છે તે જ ગાયત્રી છે. ગાયત્રી અને પરમેશ્વર એ ચેતન પુરુષનાં જ બે નામ છે, પણ ધ્યાન માટે તે (ગાયત્રી રૂપમાં) સ્ત્રીલિંગ છે."

**જગન્માતા ચ પ્રકૃતિઃ પુરુષશ્ચ જગત્પિતા ।**
**ગરીયસીતિ જગતાં માતા શતગુણૈઃ પિતુઃ ॥**

– બ્રહ્મવૈવર્ત પુરાણ

"જગતજનની પ્રકૃતિ છે અને જગતના પિતા પુરુષ છે. જગતમાં પિતા કરતાં માતાનું મહત્ત્વ સોગણું છે."

**ન બાલા ન ચ ત્વં વયસ્થા ન વૃદ્ધા,**
**ન ચ સ્ત્રી ન ષણ્ઢઃ પુમાનૈવ ચ ત્વમ્ ।**



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સુરો નાસુરો નરો વા ન નારી,
ત્વમેકા પરબ્રહ્મરૂપેણ સિદ્ધા ॥ - મહાકાલી સ્તવન

"હે મહામાયા, તમે ન બાલિકા છો, ન વયસ્ક છો કે ન વૃદ્ધ છો. સ્ત્રી, નપુંસક અને પુરુષ પણ તમે નથી. તમે ન દાનવ છો, ન નર છો કે ન નારી છો. તમે માત્ર પરમ બ્રહ્મરૂપિણી છો."

અચિન્ત્યાપિ સાકારશક્તિસ્વરૂપા,
પ્રતિવ્યક્ત્યધિષ્ઠાનસત્ત્વૈકમૂર્તિઃ ।
ગુણાતીતનિર્દ્વન્દ્વબોધૈકગમ્યા,
ત્વમેકા પરબ્રહ્મરૂપેણ સિદ્ધા ॥

- મહાકાલી સ્તવન

"તમે કલ્પી ન શકાય તેવાં હોવા છતાં પણ સાકાર મૂર્તિ રૂપ છો. દરેક પ્રાણીમાં સત્ત્વગુણ રૂપમાં બિરાજમાન છો અને ત્રણેય ગુણોથી પર છો. ફક્ત તત્ત્વજ્ઞાનથી જ તમને જાણી શકાય છે. તમે જ પરબ્રહ્મ રૂપે પ્રસિદ્ધ છો."

ત્વં સ્ત્રી ત્વં પુમાનસિ, ત્વં કુમાર ઉત વા કુમારી ।
ત્વં જીર્ણો દંડેન વંચસિ, ત્વં જાતો ભવસિ વિશ્વતો મુખઃ॥

- શ્વેતા. ૪-૩

"તું સ્ત્રી છે, તું પુરુષ પણ છે, તું કુમાર અને કુમારી છે, તું વૃદ્ધ હોવાથી લાકડીને ટેકે ચાલે છે અને તમે જ ઉત્પન્ન થઈને બધી તરફ મુખવાળા થઈ જાઓ છો."

સા ચા બ્રહ્મ સ્વરૂપા ચ નિત્યા સા ચ સનાતની ।
યથાઽત્મા ચ તથા શક્તિર્યથાઽગ્નૌ દાહિકા સ્થિતા ॥
અતઃ એવ હિ યોગેન્દ્રૈઃ સ્ત્રી પુમ્ભેદો ન મન્યતે ।
સર્વં બ્રહ્મમયં બ્રહ્મંછશ્વત્ સદપિ નારદ ॥

- દેવી.ભાગ. ૯/૧/૧૦-૧૧



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

"એ જ બ્રહ્મ બ્રહ્મસ્વરૂપા, નિત્યા અને સનાતની છે. જેમ અગ્નિમાં બાળવાની શક્તિ હંમેશાં રહે છે તેમ પરબ્રહ્મ પરમાત્માના બધા ગુણ એ પ્રકૃતિમાં રહેલા છે. તેથી જ પરમ યોગીજનો સ્ત્રીપુરુષમાં ભેદ માનતા નથી. હે નારદ ! તે કહે છે કે સત - અસત જે કાંઈ પણ છે તે બધું બ્રહ્મમય છે." કામધેનુ તંત્રમાં કહેવામાં આવ્યું છે કે -

**"યુવતી સા સમાખ્યાતા સા મહાકુંડલી પરા ।"**

"તે પરા જેવી મહાકુંડલી અર્થાત્ મહાગાયત્રી યુવતીના રૂપમાં છે."

**સ તસ્મિન્નેવાકાશે સ્ત્રિયમાજગામ બહુશોભમાનામુમાંહેમવતીમ્** - કેનો. ૩-૧૨

"ઈન્દ્ર વગેરે દેવતાઓને બ્રહ્મજ્ઞાન આપતી વખતે બ્રહ્મસ્થાનમાં જે મૂર્તિ પ્રગટ થઈ તે સ્ત્રીમૂર્તિનાં ઈન્દ્રને દર્શન થયાં."

**જગદ્ધાત્રીં મહામાયાં બ્રહ્મરૂપાં સનાતીનમ્ ।**
**દૃષ્ટ્વા પ્રમુદિતાઃ સર્વે દેવતાપ્સરકિન્નરાઃ ॥**

- બૃહદ વિષ્ણુપુરાણ

"જગન્માતા, મહામાયા, બ્રહ્મરૂપા, સનાતની મહાશક્તિને જોઈને દેવગણ, ગંધર્વ, અપ્સરા, કિન્નર વગેરે બધાં જ ખૂબ આનંદ પામ્યાં."

**જયાખિલે સુરારાધ્યે જય કામેશિ કામદે ।**
**જય બ્રહ્મમયિ દેવિ બ્રહ્માનંદરસાત્મિકે ॥**

- લલિતોપાખ્યાન ૮/૧

"હે મહાદેવી ! તમે જ બધા દેવતાઓની આરાધ્ય છો, તમે જ બધી ઈચ્છાઓની ઈશ્વરી અને તેમને પૂર્ણ કરનારી છો."

**ત્વમેવ સર્વજનની મૂલપ્રકૃતિરીશ્વરી ।**
**ત્વમેવાદ્યા સૃષ્ટિવિધૌ સ્વેચ્છયા ત્રિગુણાત્મિકા ।**



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**કાર્યાર્થે સગુણા ત્વં ચ વસ્તુતો નિર્ગુણા સ્વયમ્ ।**
**પરબ્રહ્મસ્વરૂપા ત્વં સત્યા, નિત્યા, સનાતની ॥**
**તેજસ્વરૂપા પરમા, ભક્તાનુગ્રહ વિગ્રહા ।**
**સર્વસ્વરૂપા સર્વેશા સર્વાધારા પરાત્પરા ।**
**સર્વબીજસ્વરૂપા ચ સર્વપૂજ્યા નિરાશ્રયા ।**
**સર્વજ્ઞા સર્વતો ભદ્રા સર્વ મંગલ-મંગલા ॥**

– બ્રહ્મવૈવર્ત પુ. પ્રકૃતિ ૨/૬૬/૭

"તમે જ વિશ્વજનની, મૂળ પ્રકૃતિ ઈશ્વરી છો, તમે જ સૃષ્ટિની ઉત્પત્તિ વખતે આદ્યશક્તિના રૂપમાં વિરાજમાન રહો છો અને સ્વેચ્છાથી ત્રિગુણાત્મિકા બની જાઓ છો. જો કે વાસ્તવમાં તમે નિર્ગુણ છો, છતાં પણ જરૂર પડે તમે સગુણ થઈ જાઓ છો. તમે પરબ્રહ્મ સ્વરૂપ, સત્ય, નિત્ય અને સનાતન છો. પરમતેજ સ્વરૂપ છો. ભક્તો પર કૃપા કરવા માટે માનવશરીર ધારણ કરો છો. તમે સર્વસ્વરૂપા, સર્વેશ્વરી, સર્વાધાર અને પરાત્પર છો. તમે સર્વ બીજસ્વરૂપ, સર્વ પૂજ્યા અને આશ્રયરહિત છો. તમે સર્વજ્ઞ, બધી રીતે મંગળ કરનાર અને બધાં મંગલોની પણ મંગલ છો."

**કથં જગત્ કિમર્થં ત્વં કરોષિ કેન હેતુના ।**
**નાહં જાનામિ તદ્દેવિ ! યતોઽહં હિ ત્વદુદ્ભવઃ ॥**

– શક્તિદર્શન

"હે દેવી ! તમે કોના માટે, કયા હેતુથી જગતની સૃષ્ટિ કરો છો તેને હું જાણતો નથી કેમ કે હું તમારાથી ઉત્પન્ન થયેલો છું."

**માયાખ્યાયાઃ કામધેનોર્વત્સૌ જીવેશ્વરાવુભૌ ।**

"જીવ અને ઈશ્વર બંને માયારૂપી કામધેનુના બે વાછરડા છે."

ઉપરનાં પ્રમાણોમાં પરબ્રહ્મનું સ્ત્રી રૂપમાં ચિત્રણ કરવાનું રહસ્ય પ્રગટ કર્યું છે. પુરુષ અને સ્ત્રીમાંથી કોને પહેલું સ્થાન મળે ? એ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રશ્નના જવાબમાં નૃવંશશાસ્ત્રના જ્ઞાનની તથા જીવવિજ્ઞાનની પણ મદદ લઈ શકાય છે. શોધ કરનારાઓએ સ્ત્રીને જ પહેલું સ્થાન આપવાનો નિર્ણય કર્યો છે. પહેલાં જમીન બની, ત્યાર પછી જ બીજની ઉત્પત્તિ થઈ.

નૃવંશશાસ્ત્રી હેવલોક એલિસે માનવજાતિ સ્ત્રીથી જ શરૂ થયાનો નિર્ણય જણાવ્યો છે. પુરુષનું અસ્તિત્વ પાછળથી પ્રકાશમાં આવ્યું. તેમણે લખ્યું છે કે -

પ્રાથમિકતા અને પ્રકૃતિના નિયમ પ્રમાણે પહેલાં નારીની ઉત્પત્તિ થઈ. સામાન્ય રીતે પ્રાણીમાત્રની ઉત્પત્તિનો આધાર નારી જાતિ ઉપર રહેલો છે. પ્રાણીજગતની સૃષ્ટિ માટે પુરુષની જરૂરિયાત જ ન હતી અથવા તો ગૌણ હતી. રજ અને વીર્યના સંયોગથી જુદા જુદા ગુણો દ્વારા જીવનશક્તિને પુષ્ટ તથા પ્રસ્ફુટિત કરવા માટે લાભની દૃષ્ટિએ પાછળથી પુરુષજાતિનો વિકાસ થયો.

પુરુષની તુલનામાં નારીમાં દેવત્વનું પ્રમાણ ઘણું વધારે છે. તેથી પુરુષને તો તેનાં ગુણ, કર્મ અને સ્વભાવ ઉત્કૃષ્ટ હોય તો જ પૂજ્યપદ અને સન્માન મળે છે, જ્યારે નારીને તેની જનની, બહેન, કન્યા વગેરે વિશેષતાઓના કારણે આપોઆપ જ સન્માન મળે છે. તેમના હૃદયમાં વિશાળતા છે. તેના આધારે તે શિશુને પોતાના શરીરનો રસ પિવડાવે છે. આ વિશેષતાઓના કારણે મનુષ્ય હોવા છતાં પણ તેને દેવી કહેવામાં આવે છે. મોટાભાગની સ્ત્રીઓના નામની પાછળ દેવી પદ લગાડવામાં આવે છે, જેમ કે શકુંતલા દેવી, પાર્વતીદેવી, ભગવતીદેવી વગેરે. શાસ્ત્રો કહે છે -

**સ્ત્રીષુ પ્રીતિર્વિશેષેણ સ્ત્રીષ્વપત્યં પ્રતિષ્ઠિતમ્ ।**
**ધર્માર્થૌ સ્ત્રીષુ લક્ષ્મીશ્ચસ્ત્રીષુ લોકાઃ પ્રતિષ્ઠિતાઃ ॥**

- ચરકસંહિતા - ચિ. સ્થા.આ.૨



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

"પ્રીતિનો નિવાસ મોટાભાગે સ્ત્રીઓમાં જ હોય છે. સંતાનની જનનીને પણ તે જ હોય છે. ધર્મ સ્ત્રીઓમાં જ રહે છે, લક્ષ્મી પણ તેમનામાં જ રહે છે, તેથી સંસાર સ્ત્રીઓમાં જ રહેલો છે."

નારી રૂપમાં પરમાત્માનું દિવ્ય દર્શન આપણે ડગલે ને પગલે કરી શકીએ છીએ. આવી દિવ્યદૃષ્ટિ જેને મળી છે તેને સાચી આધ્યાત્મિક સિદ્ધિ પ્રાપ્ત થઈ છે એમ માનવું જોઈએ. ગાયત્રી ઉપાસનામાં નારીની પ્રતિમાને વંદનીય માનીને મનુષ્યને પવિત્રતમ બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. નારી વાસ્તવમાં મૂર્તિમંત મહામાયા જ છે. જુઓ -

**જનની જન્મકાલે ચ સ્નેહ કાલે ચ કન્યકા ।**
**ભાર્યા ભોગાય સમ્પૃક્તાઅંતકાલે ચ કાલિકા ।**
**અકૈવ કાલિકા દેવી વિહરતિ જગત્ત્રયે ॥**

"એ જ મહામાયા આપણને જનની સ્વરૂપે જન્મ આપે છે, કન્યાના રૂપમાં આપણા સ્નેહનું પાત્ર બને છે, પત્નીના રૂપમાં ભોગદાત્રી બની જાય છે અને અંતે કાલિકાના રૂપમાં આપણી જીવનલીલાને સંકેલી લે છે. આ રીતે એક જ મહાદેવી ત્રણેય લોકોમાં વિચરણ કરતી રહે છે."

તંત્રગ્રંથોમાં નારીને ભગવાનની મૂર્તિમંત પ્રતિમા માનીને તેની વિધિવત્ પૂજા કરવાનું વિધાન છે. જુદી જુદી ઉંમર તથા સ્થિતિની નારીઓને જુદી જુદી દેવીઓના રૂપમાં પૂજનીય માનીને તેમનું વંદન તથા અર્ચન કરવામાં આવે છે. બ્રહ્મભોજનની જેમ જ કન્યા ભોજનને પણ પુણ્ય માનવામાં આવ્યું છે. નવરાત્રિમાં પુરશ્ચરણના અંતે તો કન્યાભોજન કરાવવાની જ પરંપરા છે. બ્રાહ્મણ તો વિદ્યા, તપશ્ચર્યા અને સેવાના આધારે બ્રાહ્મણત્વ પ્રાપ્ત



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કરે છે, પરંતુ કન્યાઓમાં તે તત્ત્વ જન્મજાત રૂપે જ અવતરે છે. આ સંદર્ભમાં તંત્રગ્રંથનો મત જુઓ -

"એક વર્ષની ઉંમરની બાલિકા કુમારી કહેવાય છે, બે વર્ષની સરસ્વતી, ત્રણ વર્ષની ત્રિધામૂર્તિ, ચાર વર્ષની કાલિકા, પાંચ વર્ષની થાય ત્યારે સુભગા, છ વર્ષની ઉમા, સાત વર્ષની માલિની, આઠ વર્ષની કુબ્જા, નવ વર્ષની કાલસંદર્ભા, દસ વર્ષની અપરાજિતા, અગિયારમા વર્ષે રુદ્રાણી, બારમા વર્ષે ભૈરવી, તેરમા વર્ષે મહાલક્ષ્મી, ચૌદ પૂરાં થતાં પીઠનાયિકા, પંદરમા વર્ષે ક્ષેત્રજ્ઞા અને સોળમા વર્ષે અંબિકા કહેવાય છે. આ રીતે જ્યાં સુધી ૠતુનો ઉદ્‌ગમ ન થાય ત્યાં સુધી ક્રમશઃ સંગ્રહ કરીને પડવાથી માંડીને પૂનમ સુધી વૃદ્ધિભેદથી કુમારીનું પૂજન કરવું જોઈએ."

- રુદ્રયામલ - ઉત્તરખંડ

"આઠ વર્ષની બાલિકા ગૌરી, નવ વર્ષની રોહિણી અને દસ વર્ષની કન્યા કહેવાય છે. ત્યાર પછી તેને જ મહામાયા અને રજસ્વલા પણ કહેવામાં આવી છે. બારમા વર્ષથી વીસમા વર્ષ સુધી તેને સુકુમારી કહેવાય છે."

"યમરાજે દસ કન્યાઓનું પૂજન કરવું જોઈએ. એમાં પણ બે વર્ષથી માંડીને દસ વર્ષની ઉંમર સુધીની કુમારિકાઓનું પૂજન કરવું જોઈએ. બે વર્ષની ઉંમરવાળી કુમારી, ત્રણ વર્ષની ત્રિમૂર્તિ, ચાર વર્ષની કલ્યાણી, પાંચ વર્ષની રોહિણી, છ વર્ષની કાલિકા, સાત વર્ષની ચંડિકા, આઠ વર્ષની શાંભવી, નવ વર્ષની દુર્ગા અને દસ વર્ષની સુભદ્રા કહેવાય છે. એમનું મંત્રો દ્વારા પૂજન કરવું જોઈએ. એક વર્ષની કન્યાને પૂજાથી પ્રસન્નતા નહિ થાય, તેથી તેની પૂજા થતી નથી અને અગિયાર વર્ષથી ઉપરની કન્યાઓનો પૂજામાં સમાવેશ કરવો વર્જિત છે."



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

"જે કુમારીને અન્ન તથા જળ અર્પણ કરે છે એનું તે અન્ન મેરુપર્વત સમાન અને જળ સમુદ્ર સમાન અખંડ અને અનંત હોય છે. 'યોગિનીતંત્ર' અનુસાર કુમારિકાની પૂજાનું ફળ અવર્ણનીય છે, તેથી બધી જાતિની બાલિકાઓનું પૂજન કરવું જોઈએ. કુમારિકા પૂજનમાં જાતિભેદનો વિચાર કરવો યોગ્ય નથી. 'કાલીતંત્ર' માં કહેવામાં આવ્યું છે કે બધાં મોટાં પર્વો પર, શુભ મુહૂર્તોમાં અને મહાનવમીની તિથિએ કુમારિકા પૂજન કરવું જોઈએ. બધાં કર્મોનું ફળ મેળવવા માટે કુમારિકાઓનું પૂજન અવશ્ય કરો. 'બૃહન્નીલતંત્ર' અનુસાર પૂજન કરવામાં આવેલી કુમારિકાઓ વિઘ્ન, ભય અને અત્યંત ઉત્કટ શત્રુનો પણ નાશ કરી નાખે છે. 'રુદ્રયામલ'માં લખ્યું છે કે કુમારી સાક્ષાત્ યોગિની અને શ્રેષ્ઠ દેવી છે. કુમારિકાને વિધિયુક્ત ભોજન અવશ્ય કરાવવું જોઈએ. કુમારિકાને પાદ્ય, અર્ઘ્ય, કુમકુમ, શુભ ચંદન વગેરે અર્પણ કરીને ભક્તિભાવથી તેમની પૂજા કરો." – કુબ્જિકાતંત્ર

કુમારી કન્યાઓ સુધી જ આ દિવ્યભાવને મર્યાદિત માનવામાં આવ્યો નથી, પરંતુ તેનું ક્ષેત્ર ખૂબ વિશાળ છે. દરેક નારીમાં દેવત્વનાં દર્શન કરવાં જોઈએ. તેના પ્રત્યે દેવી જેવી પવિત્ર શ્રદ્ધા રાખી પવિત્ર વ્યવહાર કરવો જોઈએ. નારી માત્રને ભગવતી ગાયત્રીની પ્રતિમા માનીને જ્યારે સાધકના હૃદયમાં પવિત્રતાનો સંચાર થઈ જાય તો માનવું જોઈએ કે તેની પરમસિદ્ધિની અવસ્થા હવે નજીક આવી ગઈ છે.

## ગાયત્રી માતાનો પરિચય

ગાયત્રી રૂપી શક્તિકેન્દ્રમાં વિશ્વનાં બધાં દૈહિક, દૈવિક, ભૌતિક અને નાનાં મોટાં શક્તિતત્ત્વોનો સમાવેશ થયેલો છે. આ


Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

નાનાં મોટાં શક્તિતત્ત્વો પોતપોતાની શક્તિ પ્રમાણે સંસારનાં જુદાં જુદાં કાર્યો કરે છે. આ તત્ત્વોનું નામ જ દેવતા છે. તે ઈશ્વરની સત્તાના અંશો છે. જે રીતે એક શાસનતંત્રમાં અનેક અધિકારીઓ પોતપોતાની જવાબદારી નિભાવતાં સરકારનું કાર્ય ચલાવે છે, જે રીતે એક મશીનના અનેક ભાગ પોતપોતાની જગ્યાએ પોતાનું કાર્ય કરીને એ મશીનને ચાલુ રાખે છે એ જ રીતે આ દેવતત્ત્વો પણ ઈશ્વરની સૃષ્ટિ વ્યવસ્થાનાં જુદાં જુદાં ક્ષેત્રોની વ્યવસ્થા સંભાળે છે.

ગાયત્રી એક સરકાર કે મશીન જેવી છે. તેનાં અંગોના રૂપમાં બધા દેવો જોડાયેલા છે. ગાયત્રીના ત્રણ અક્ષર સત, રજ અને તમ એ ત્રણ તત્ત્વોનાં પ્રતીક છે. એમને જ સ્થિતિ અનુસાર બ્રહ્મા,વિષ્ણુ, મહેશ અને સરસ્વતી, લક્ષ્મી, કાલી કહે છે. આ જ ત્રણ શ્રેણીઓમાં વિશ્વની બધી સ્થૂળ તથા સૂક્ષ્મ શક્તિઓની ગણના થાય છે. શુભ-અશુભ, ઉપયોગી-અનુપયોગી, શાંતિ-અશાંતિ વગેરેની જે કંઈ પ્રક્રિયાઓ જોવા મળે છે તે આ જ સત, રજ અને તમ તત્ત્વોની અંતર્ગત થાય છે. આ ત્રણ તત્ત્વો જ ગાયત્રીનાં ત્રણ ચરણ છે. આ રીતે બધાં શક્તિતત્ત્વોનો મૂળ આધાર ગાયત્રી જ સાબિત થાય છે.

આ વિશાળ સૃષ્ટિનું મૂળ કારણ બ્રહ્મ તો છે જ, પરંતુ તે સ્વાભાવિક રીતે સાક્ષી અને દૃષ્ટાના રૂપમાં રહી પોતે નિષ્ક્રિય રહે છે. તેમની ગતિશીલતા જ એ તત્ત્વ છે, જેના દ્વારા જગતનાં સ્થૂળ અને સૂક્ષ્મ કાર્યો થતાં રહે છે આ ગતિશીલતાને જ પ્રકૃતિ, માયા, ચેતના, બ્રહ્મપત્ની વગેરે નામે ઓળખવામાં આવે છે. આ જ ગાયત્રી છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# પરમાત્માનું કાર્ય કરનાર દેવશક્તિ

સૃષ્ટિની શરૂઆત કરતી વખતે પરમાત્માએ પોતાની અંદરથી શક્તિતત્ત્વ પેદા કર્યું અને સૃષ્ટિની બધી વ્યવસ્થા તેને સોંપીને પોતે નિશ્ચિંત થઈ ગયા. આ રીતે તે બ્રહ્મ નિર્લેપ, નિરધિષ્ઠ, નિરવદ્ય (દોષરહિત)અને અંગો વગરના બની ગયા અને સંસારનું બધું જ કાર્ય પેલા શક્તિતત્ત્વ દ્વારા જ ચાલવા લાગ્યું. આ રહસ્ય નીચેનાં પ્રમાણો દ્વારા છતું થાય છે -

**દેવીહ્યેકાડગ્ર આસીત્ । સૈવ જગદંડમસૃજત્...તસ્યા એવ બ્રહ્મા અજીજનત્। વિષ્ણુરજીજનત્ ...સર્વમજીજનત્....। સૈષા પરાશક્તિઃ ।**

સૃષ્ટિની શરૂઆતમાં તે એક જ દૈવીશક્તિ હતી. તેણે જ આ બ્રહ્માંડ બનાવ્યું. તેમાંથી જ બ્રહ્માનો જન્મ થયો. એણે જ વિષ્ણુ તથા રુદ્રને પેદા કર્યા. બધું જ એમાંથી ઉત્પન્ન થયું. આવી છે તે પરાશક્તિ.

**નિર્દોષો નિરધિષ્ઠેયો નિરવદ્યસનાતનઃ ।**
**સર્વકાર્યકરી સાહં વિષ્ણોરવ્યય રૂપિણઃ ॥** - લક્ષ્મીતંત્ર

તે બ્રહ્મ તો નિર્દોષ, નિરધિષ્ઠ, નિરવદ્ય, સનાતન અને અવ્યય (શાશ્વત) છે. તેમનું બધું કાર્ય કરનારી તો હું જ છું.

આ મહાશક્તિની સર્વવ્યાપકતાનું, બધા પદાર્થોની અધિષ્ઠાત્રી, વિભૂતિ અને બધી હિલચાલની મૂળ પ્રેરણા હોવાનું વર્ણન અનેક ગ્રંથોમાં જોવા મળે છે. જુઓ -

**ત્વં ભૂમિઃ સર્વ ભૂતાનાં પ્રાણઃ પ્રાણવતાં તથા ।**
**ધીઃ શ્રીઃ કાંતિઃ ક્ષમા શાંતિઃ શ્રદ્ધા મેધા ધૃતિઃ સ્મૃતિઃ॥**
**ત્વમુદ્ગીથેડર્ધ માત્રાડસિ ગાયત્રી વ્યાહૃતિસ્તથા ।**
- દેવી.ભા. ૧/૫/૫૪-૫૫



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તમે બધાં પ્રાણીઓને ધારણ કરનારી ભૂમિ છો. પ્રાણવાનોમાં પ્રાણ છો. તમે જ ધી, શ્રી, કાંતિ, ક્ષમા, શ્રદ્ધા, મેધા, ધૃતિ અને સ્મૃતિ છો. તમે જ ઓમકારની અર્ધમાત્રા ઉદ્દ્ગીથ છો. તમે જ ગાયત્રી અને વ્યાહૃતિ છો.

**પૂષાર્યમા મરુત્વાંશ્ચ ઋષયોઽપિ મુનીશ્વરા: ।**
**પિતરોનાગયક્ષાશ્ચ ગંધર્વાપ્સરસો ગણા: ॥**
**ઋગ્યજુ: સામવેદશ્ચ અથર્વાંગિરસાનિચ ।**
**ત્વમેવ પંચભૂતાનિ તત્ત્વાનિ જગદીશ્વરિ ॥**
**બ્રાહ્મી સરસ્વતી સંધ્યા તુરીયા ત્વં મહેશ્વરી ॥**
**ત્વમેવ સર્વ શાસ્ત્રાણિ ત્વમેવ સર્વ સંહિતા ।**
**પુરાણાનિ ચ તંત્રાણિ મહાગમમતાનિ ચ ॥**
**તસ્માદ્ બ્રહ્મ સ્વરૂપા ત્વં કિંચિત્સદસદાત્મિકા ।**
**પરાત્પરેશી ગાયત્રી નમસ્તે માતરમ્બિકે ॥**

પૂષા, અર્યમા, મરુત, ઋષિ, મુનીશ્વર, પિતર, નાગ, યક્ષ, ગંધર્વ, અપ્સરા, ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ, અથર્વવેદ, અંગિરસ,પંચભૂત, બ્રાહ્મી, સરસ્વતી, સંધ્યા, મહેશ્વરી, સર્વ શાસ્ત્ર, સંહિતા, પુરાણ, તંત્ર, આગમ, નિગમ તથા સંસારમાં બીજું જે કંઈ પણ છે તે હે બ્રહ્મરૂપિણી પરાશક્તિ ગાયત્રી ! તમે જ છો. હે માતા ! તમને પ્રણામ છે.

**અદિતિર્દેવા ગંધર્વા મનુષ્યા: પિતરોઽસુરાસ્તેષાં સર્વભૂતાનાં માતા મેદિની પૃથિવી મહતી મહી સાવિત્રી ગાયત્રી જગત્યુર્વી પૃથ્વી બહુલા વિશ્વા ભૂતા ॥**

– મહાનારાયણોપનિષદ્ ૧૩/૭

અર્થાત્ દેવ, ગંધર્વ, મનુષ્ય, પિતર, અસુર આ બધાનું મૂળ કારણ અદિત અવિનાશી તત્ત્વ છે. તે અદિતિ બધાં પ્રાણીઓની



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

માતા, મેદિની અને માતામહી છે. તે વિશાળ ગાયત્રીના ગર્ભમાં વિશ્વનાં બધાં પ્રાણીઓ નિવાસ કરે છે.

**પરમાત્મનસ્તુ યા લોકે બ્રહ્મશક્તિર્વિરાજતે ।**
**સૂક્ષ્મા ચ સાત્ત્વિકી ચૈવ ગાયત્રીત્યભિધીયતે ॥**

અર્થાત્ બધા લોકોમાં વિદ્યમાન પરમાત્માની જે સર્વવ્યાપક શક્તિ છે તે અત્યંત સૂક્ષ્મ અને સતોગુણી પ્રકૃતિમાં નિવાસ કરે છે. તે ચેતનશક્તિ ગાયત્રી જ છે.

**અહં રુદ્રેભિર્વસુભિશ્ચરામ્યહમાદિત્યૈરુત વિશ્વદેવૈઃ । અહં મિત્રાવરુણોભાવિભર્મ્યહમિન્દ્રાગ્ની અહમશ્વિનોભા ।**

– ઋગ્વેદ ૧૦/૧૨૫/૧

હું જ રુદ્ર, વસુ, આદિત્ય અને વિશ્વદેવતાઓમાં વિચરણ કરું છું, હું જ મિત્ર, વરુણ, ઇન્દ્ર, અગ્નિ અને અશ્વિનીકુમારોનું રૂપ ધારણ કરું છું.

**મયા સો અન્નમત્તિ યો વિપશ્યતિ યઃ પ્રાણિતિ ય ઈ શૃણોત્યુક્તમ્ । અમન્તવો માં ત ઉપ ક્ષિયન્તિ શ્રુધિ શ્રુત શ્રદ્ધિવં તે વદામિ ।**

– ઋગ્વેદ ૧૦/૧૨૫/૪

આ વિશ્વ મારા લીધે જ જીવે છે. મારા દ્વારા જ તેને અન્ન મળે છે. મારી શક્તિથી જ તે બોલે અને સાંભળે છે. જે મારી ઉપેક્ષા કરે છે તે નષ્ટ થઈ જાય છે. હે શ્રદ્ધાવાન મનુષ્યો ! સાંભળો, આ બધું હું તમારા કલ્યાણ માટે જ કહું છું.

## વિભૂતિઓનો ભંડાર

આ મહાશક્તિનો વિસ્તાર ઘણો વ્યાપક છે. જ્યારે સમગ્ર સૃષ્ટિની અનેક ક્રિયાઓનું સંચાલન તેના દ્વારા થાય છે, તો તેની



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અંદર કેટલા પ્રકારની શક્તિઓ કામ કરતી હશે તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. મનુષ્ય સીમિત છે. તેની આવશ્યકતાઓ અને શંકાઓ પણ સીમિત છે. જે વસ્તુઓ મેળવવાથી તેનું વ્યક્તિત્વ નિખરે છે તથા મન આનંદિત થઈ જાય છે તે વિભૂતિઓ પણ સીમિત છે. આ સીમિત વસ્તુઓ ગાયત્રીનો એક ખૂબ નાનકડો અંશ છે. મનુષ્યમાં જે કેટલીક પ્રશંસનીય અને આકર્ષક વિશેષતાઓ જોવા મળે છે તે બધી આ મહાશક્તિનો થોડોક પ્રસાદ માત્ર છે. માનવના શરીરમાં આ શક્તિ કયાં મુખ્ય રૂપોમાં રહેલી છે તેનો પરિચય આપતાં માતા પોતે કહે છે -

**અહમેવ સ્વયમિદં વદામિ જુષ્ટં દેવેભિરુત માનુષેભિઃ ।**
**યં કામયે તં તમુગ્રં કૃણોમિ તં બ્રહ્માણં તમૃષિં તં સુમેધામ્॥**

- ઋગ્વેદ ૧૦/૧૨૪/૫

હું તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપું છું. હું ઇચ્છું તેને સમુન્નત કરું છું, તેને સદ્‌બુદ્ધિ આપું છું, ઋષિ બનાવું છું અને બ્રહ્મપદ પ્રદાન કરું છું.

## રહસ્યોને જાણવાં જરૂરી છે

ગાયત્રીતત્ત્વનાં સૂક્ષ્મ રહસ્યોને જાણ્યા પછી જ તેની ઉપાસનાનો સાચો લાભ મળી શકે છે. તેના મર્મ તથા વિજ્ઞાનને સમજ્યા વગર સામાન્ય રીતે જે ઉપાસના કરવામાં આવે છે તેનું પરિણામ તો મળે છે, પણ તે ખૂબ ઓછા પ્રમાણમાં મળે છે. ઉપાસનાનું યોગ્ય પરિણામ મેળવવા માટે આ વિજ્ઞાનનાં રહસ્યોને સમજવાં ખૂબ જરૂરી છે. મનુષ્યના આત્મા પર ચઢેલા મેલ, પાપ, દોષદુર્ગુણો વગેરેના આવરણને દૂર કરવા માટે જે તીવ્ર સાધના



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અને મહાન નિષ્ઠાની જરૂર છે તેને પ્રાપ્ત કરવા માટેના તત્ત્વજ્ઞાનને સમજવું જોઈએ.

શતપથ બ્રાહ્મણમાં એક કથા આવે છે. તેમાં એવું બતાવવાનો પ્રયત્ન કર્યો છે કે એક પુરોહિત ગાયત્રીના મર્મથી વંચિત રહેવાના કારણે ઉપાસના કરવા છતાં પણ તેનો યોગ્ય લાભ મેળવી ન શક્યો. તે કથા આ પ્રમાણે છે –

**એતદ્ વૈ તજ્જનકો વૈ દેહો બુડિલમાશ્વતરાશ્વિમુવાચ યન્નુ હો તદ્ગાયત્રીવિદબ્રૂથાકથં હસ્તી ભૂતો વહસીતિ મુખહ્યસ્યા સમ્રાંન વિદાંચકારેતિહોવાચ । તસ્યા અગ્નિરેવ મુખં યદિ હવાડપિ બહ્વિવાગ્નાવભ્યાદધતિ સર્વમેવ તત્સંદેહત્યેવ હૈવૈવં વિદ્યદ્યપિ બહ્વિવ પાપં કરોતિ સર્વમેવ તત્સંપ્સાય શુદ્ધઃ પૂતોડજરોડમૃતઃ સંભવતિ ।**

– શતપથ ૧૪.૮.૧૫.૧૧-૧૨

અર્થાત્ "રાજા જનકના પૂર્વજન્મનો પુરોહિત બુડિલ ખોટું દાન લેવાના પાપથી મર્યા પછી હાથી બની ગયો, પરંતુ રાજા જનકે મહાન તપ કર્યું અને તેના ફળથી તે ફરીથી રાજા બન્યો. રાજાએ હાથીને તેના પૂર્વજન્મની યાદ અપાવીને કહ્યું કે તમે તો પૂર્વજન્મમાં કહેતા હતા કે હું ગાયત્રીનો જાણકાર છું, તો પછી આમ હાથી બનીને ભાર શા માટે વહન કરો છો ? હાથીએ કહ્યું કે હું પૂર્વજન્મમાં ગાયત્રીના મુખને સમજી શક્યો નહોતો, તેથી મારાં પાપોનો નાશ ના થઈ શક્યો.

ગાયત્રીનું મુખ અગ્નિ જ છે. અગ્નિમાં જે બળતણ નાખવામાં આવે છે તેને અગ્નિ બાળીને ભસ્મ કરી દે છે, એ જ રીતે ગાયત્રીના મુખને જાણનારો અગ્નિમુખ બનીને અગાઉ કરેલાં પાપોને ભસ્મ કરી નાખીને તેમનાથી છુટકારો મેળવે છે તથા અજરઅમર બની જાય છે.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ગાયત્રીના જે મુખનું ઉપર વર્ણન કરવામાં આવ્યું છે તે તેનું પ્રવેશદ્વાર અર્થાત્ પ્રારંભિક જ્ઞાન જ છે. જે રીતે ભોજનને પેટમાં પહોંચાડવા માટે મુખરૂપી દ્વાર હોય છે એ જ રીતે ઉપાસ્ય વિશે જરૂરી જ્ઞાન પ્રાપ્ત કરવું તેને ઉપાસનાનું મુખ કહેવામાં આવ્યું છે. આ જ્ઞાન ગ્રંથોના સ્વાધ્યાયથી તથા એ વિદ્યાના વિશેષજ્ઞો સાથે સત્સંગ કરીને જાણી શકાય છે. આ બંને માધ્યમોને દરેક જિજ્ઞાસુએ અપનાવવાં જોઈએ.

ગાયત્રીના જ્ઞાનવિજ્ઞાનની મહત્તા બતાવતાં ઉપનિષદકારે કહ્યું છે કે જ્ઞાનપૂર્વક કરેલી ઉપાસનાથી આત્મામાં દિવ્યતત્ત્વનો વિકાસ થાય છે અને આ જીવન તથા સંસારમાં જે કાંઈ મેળવવા યોગ્ય છે તે બધું પ્રાપ્ત થઈ જાય છે.

**યો હવા એવં વિત્ સ બ્રહ્મવિત્પુણ્યાં ચ કીર્તિં લભતે સુરભીશ્ચ ગંધાન્ । સોડપહત પાપ્માનન્તાં શ્રિયમશ્નુતે ય એવં વેદ યશ્ચૈવં વિદ્વાનેવમેતાં વેદાનાં માતરં સાવિત્રીસંપદમુપનિષદમુપાસ્ત ઈતિ બ્રાહ્મણમ્ ।**

– ગોપથ બ્રાહ્મણ ક.૩૮

અર્થાત્ જે આ રીતે વેદમાતા ગાયત્રીને જાણી લે છે તે બ્રહ્મવિદ પુણ્ય, કીર્તિ તથા દિવ્ય સુગંધને પ્રાપ્ત કરે છે અને નિષ્પાપ થઈને શ્રેયનો અધિકારી બને છે.

## ત્રણ ચરણોની અનંત શક્તિ

ગાયત્રીને ત્રિપદા કહેવામાં આવી છે. તેનાં ત્રણ ચરણ છે. એમાંનું દરેક ચરણ ત્રણ લોકાંતરો સુધી ફેલાયેલું છે. તેના માધ્યમથી આત્માની ગતિ માત્ર આ લોક પૂરતી સીમિત રહેતી નથી, પરંતુ તે



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બીજા લોકો સુધી પોતાનો વિસ્તાર કરે છે અને સાધક ત્યાં મળતાં સાધનોથી પણ લાભાન્વિત થાય છે.

**ભૂમિરન્તરિક્ષં દ્યૌરિત્યષ્ટાવક્ષરાણ્યષ્ટક્ષર હ વા એકં ગાયત્ર્યૈ પદમેતદુહૈવાસ્યા એતત્ સ યાવદેષુ ત્રિષુ તાવદ્ધ જયતિ યોડસ્યા એત દેવં પદં વેદ ।** -બૃહદારણ્યક ૫/૧૪/૧

ભૂમિ, અંતરિક્ષ,દ્યૌ આ ત્રણેય ગાયત્રીના પ્રથમ પાદના આઠ અક્ષરો સમાન છે. જે ગાયત્રીના આ પદને જાણી લે છે તે ત્રણેય લોકોને જીતી લે છે.

જે રીતે બાહ્ય જગતમાં અનેક લોક છે, એ જ રીતે આ શરીરની અંદર પણ સાત પ્રાણ, ષટ્ચક્રો, ગ્રંથિઓ, ઉપત્યિકાઓ વગેરે મોજૂદ છે. સામાન્ય મનુષ્યોમાં આ બધું પ્રસુપ્ત અવસ્થામાં પડી રહે છે, પરંતુ જ્યારે ગાયત્રી ઉપાસનાથી જાગ્રત થયેલો આત્મા આ અજ્ઞાત શક્તિકેન્દ્રોને ઢંઢોળે છે, તો તે પણ જાગ્રત થઈ જાય છે અને એમની અંદર જે મહાન તત્ત્વો રહેલાં છે તે સ્પષ્ટ થઈ જાય છે. જે રીતે વૈજ્ઞાનિકો બ્રહ્માંડમાં બાહ્ય જગતમાં રહેલી અનેક શક્તિઓને શોધી કાઢીને તેમનો ઉપયોગ કરે છે એ જ રીતે આત્મવિજ્ઞાનીઓ શરીરમાં તથા અંતર્જગતમાં રહેલાં તત્ત્વોનો સાક્ષાત્કાર કરીને તેમની દિવ્ય શક્તિઓનો લાભ મેળવે છે. તેમના માટે આત્મદર્શન, બ્રહ્મસાક્ષાત્કાર તથા સ્વર્ગલોકની પ્રાપ્તિ સરળ થઈ જાય છે. આ માર્ગમાં સફળતા મેળવનારા સાધકો પોતાની પરંપરાને આગળ ચાલુ રાખવા માટે કોઈક તેજસ્વી અધિકારીને પોતાની પાછળ મૂકી જાય છે.

**તે વા એતે પંચ બ્રહ્મ પુરુષાઃ સ્વર્ગસ્ય લોકસ્ય દ્વારપાલાઃ સ ય એતાને વં પંચ બ્રહ્મ પુરુષાન્ સ્વર્ગસ્ય લોકસ્ય દ્વારપાન્વેદાસ્ય કુલે વીરો જાયતે પ્રતિપદ્યતે સ્વર્ગં લોકમ્ ।**

-છાંદોગ્ય ૩/૧૩/૬



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

હૃદય ચૈતન્યજ્યોતિ ગાયત્રીરૂપ બ્રહ્મના પ્રાપ્તિસ્થાનના પ્રાણ, વ્યાન, અપાન, સમાન અને ઉદાન આ પાંચ દ્વારપાળ છે. તેમને વશમાં કરો કે જેનાથી હૃદયમાં રહેલા ગાયત્રી સ્વરૂપ બ્રહ્મની પ્રાપ્તિ થઈ શકે. આ રીતે ઉપાસના કરનાર સાધક સ્વર્ગલોકને પ્રાપ્ત કરે છે અને તેના કુળમાં વીરપુત્ર કે શિષ્ય પેદા થાય છે.

## મંગલમય મધુવિદ્યા

બૃહદારણ્યક ઉપનિષદમાં જે મધુવિદ્યાનું વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવ્યું છે તેનો સંબંધ ગાયત્રી સાથે છે. જે રીતે પારસમણિના સ્પર્શથી લોખંડના ટુકડાઓ પણ સોનાના બની જાય છે એ જ રીતે આ સંસારની અનેક કડવી, કુરૂપ, કષ્ટદાયક, પ્રતિકૂળ વસ્તુઓ તથા પરિસ્થિતિઓ પણ ગાયત્રી સાધક માટે મધુર, સુંદર, સુખદાયક તથા અનુકૂળ બની જાય છે.

ગાયત્રીનાં ત્રણેય ચરણ સમગ્ર સૃષ્ટિને પોતાના માટે આનંદપૂર્ણ અને મધુમય બનાવી દેવાની શક્તિથી પરિપૂર્ણ છે. ગાયત્રીનું પ્રથમ ચરણ નદીઓને જળથી ભરેલી, સમુદ્રને રત્નોથી ભરપૂર અને ઔષધિઓને જીવનશક્તિથી પરિપૂર્ણ બનાવે છે. ગાયત્રીના બીજા ચરણમાં એવી શક્તિ છે કે રાત અને દિવસને તોફાન, ભૂકંપ, અતિવૃષ્ટિ, અતિશય ઠંડી જેવી પ્રકૃતિની વિપરીત પરિસ્થિતિઓથી બચાવીને વાતાવરણને આનંદમય અને હિતકારી બનાવે છે. પૃથ્વીના પરમાણુ પૂરતા પ્રમાણમાં અન્ન, રસ, રત્નો, ખનીજો, ધાતુઓ વગેરે પ્રદાન કરતા રહે તથા દ્યુલોકનાં મંગલમય કિરણો આપણને પૂરતા પ્રમાણમાં મળતાં રહે એવી શક્તિ આ બીજા ચરણમાં છે. ગાયત્રીનું ત્રીજું ચરણ સૂર્યની ઉત્પાદક, પ્રેરક અને વિકાસશીલ શક્તિઓને નિયંત્રિત કરે છે અને યોગ્ય માત્રામાં તેમને



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ધરતી પર મોકલે છે. સૂર્યનાં શક્તિશાળી કિરણો પૃથ્વી પર એટલાં બધાં ન આવે કે તેમના તાપથી જીવનરસ સુકાઈ જાય કે એટલાં ઓછાં પણ ન આવે કે વિકાસના ક્રમમાં અવરોધ ઊભો થાય. વનસ્પતિઓ, જીવજંતુ તથા જડચેતન એમ બધાં જ પોતાની જીવનશક્તિ સૂર્યમાંથી પ્રાપ્ત કરે છે. માનવીની ચેતના અને પ્રાણશક્તિનો આધાર પણ સૂર્ય પર રહેલો છે. આ વિશ્વના અધિષ્ઠાતા સૂર્ય પર ગાયત્રીનું ત્રીજું ચરણ નિયંત્રણ રાખે છે. તેથી સૃષ્ટિના સમગ્ર સંતુલનને ગાયત્રી શક્તિના આધારે સ્થિર રાખી શકાય છે.

ગાયત્રીમાં આધ્યાત્મિક તત્ત્વ તો મુખ્ય છે જ, પણ સાથે સાથે તે આત્મબળ અને અંતર્જગતની અનેક સૂક્ષ્મ શક્તિઓનો વિકાસ કરીને મનુષ્યને આ પૃથ્વી પરનો દેવતા બનાવી શકે છે. સાથેસાથે સ્થૂળ સૃષ્ટિમાં કામ કરનારી બધી ભૌતિક શક્તિઓ ઉપર પણ તે નિયંત્રણ રાખે છે. પ્રાચીનકાળના આત્મદર્શી લોકો આ વિકાસને જાણતા હતા. તે વખતે માત્ર આ સંસારને જ નહિ, પરંતુ બીજા લોકોની સ્થિતિ પણ શાંતિમય, મધુર અને પૂર્ણ રાખવામાં સમર્થ હતા. ભારતવર્ષના આ જ મહાન વિજ્ઞાને ભૂતકાળમાં એને અત્યંત ઊંચું સન્માનજનક પદ આપ્યું હતું. એને ખોઈને આજે આપણે મણિ વગરના સાપની જેમ દીનહીન બની ગયા છીએ અને સહાય માટે બીજાનું મોં તાકી રહીએ છીએ. ગાયત્રીમાં રહેલી મધુવિદ્યાનું ઉપનિષદોમાં નીચે પ્રમાણે વર્ણન કર્યું છે -

**તત્સવિતુર્વરેણ્યં । મધુવાતાऽઋતાયતે મધુક્ષરન્તિ સિન્ધવઃ । માધ્વીર્નઃ સન્ત્વોષધીઃ । ભૂઃ સ્વાહા । ભર્ગોદેવસ્ય ધીમહિ । મધુનક્તમુતોષસો મધુમત્પાર્થિવ ꣳ રજઃ । મધુદ્યૌરસ્તુ નઃ પિતા । ભુવઃ સ્વાહા । ધિયો યો**



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**નઃ પ્રચોદયાત્ । મધુમાન્નો વનસ્પતિર્મધુ માંડડડ અસ્તુ સૂર્યઃ । માધ્વીર્ગાવો ભવન્તુ નઃ । સ્વઃ સ્વાહા । સર્વાંશ્ચ મધુમતી રહમેવેદં સર્વંભૂયાસં ભૂર્ભુવઃ સ્વઃ સ્વાહા ।**

– બૃહદાણ્યક ૬/૩/૬

– (તત્સવિતુર્વરેણ્યં) મધુર વાયુ વાય, નદીઓ અને સમુદ્ર રસમય બને, ઔષધિઓ આપણા માટે સુખદાયક બને.

– (ભર્ગો દેવસ્ય ધીમહિ) રાત અને દિવસ આપણા માટે સુખકર બને. પૃથ્વીની રજ આપણા માટે મંગલમય બને. દ્યુલોક આપણને સુખ પ્રદાન કરે.

– (ધિયો યો નઃ પ્રચોદયાત્) વનસ્પતિઓ આપણા માટે રસમય બને. સૂર્ય આપણા માટે સુખપ્રદ બને. તેનાં કિરણો આપણા માટે કલ્યાણકારી બને. બધું જ આપણા માટે સુખપ્રદ બને. હું બધા માટે મધુર બની જાઉં.

## અંતર્જગતનાં ગુપ્તતત્ત્વો

મનુષ્યના અંતરમાં જે અદ્ભુત શક્તિઓ ભરેલી છે તેમનું જાગરણ પણ ગાયત્રી મંત્ર દ્વારા જ થઈ શકે છે. આ મહામંત્રનો એકેએક અક્ષર શક્તિબીજ છે. આ શક્તિબીજોના સ્પર્શથી શરીરમાં રહેલાં મુખ્ય ષટ્ચક્રો તથા અઢાર ઉપચક્રો એમ કુલ ચોવીસ ચક્રોનું જાગરણ ગાયત્રી ઉપાસનાથી થાય છે. આ રત્નભંડાર જેવાં ચક્રો તથા ઉપચક્રોમાંથી દરેકમાં એવી શક્તિઓ અને સિદ્ધિઓ રહેલી છે કે જેને પ્રાપ્ત કરીને પ્રાચીનકાળના ઋષિમુનિઓ પોતાને ઈશ્વરીય તત્ત્વોના અધિકારી બનાવી શક્યા હતા. આનું પ્રમાણ નીચે પ્રમાણે મળે છે –

**ચતુર્વિંશાક્ષરી વિદ્યા પરતત્ત્વવિનિર્મિતા ।**
**તત્કારાત્ યાત્કાર પર્યન્તં શબ્દ બ્રહ્મસ્વરૂપિણી ॥**

– ગાયત્રીતંત્ર



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અર્થાત્ તત્ શબ્દથી માંડીને પ્રચોદયાત્ શબ્દ સુધીના ચોવીસ અક્ષરોવાળી ગાયત્રી પરમતત્ત્વ એટલે કે પરાવિદ્યાથી ઓતપ્રોત છે.

પરમાત્મા તથા તેની આ સર્જનશક્તિને લિંગભેદમાં વહેંચી શકાતી નથી. તે નથી નર કે નથી નારી, પરંતુ એટલું અવશ્ય છે કે તેને જે રૂપમાં અને જે ભાવથી માનવામાં આવે તેને અનુરૂપ તે પ્રગટ થાય છે. ભક્તની ભાવનાના બીબા પ્રમાણે એ મહાશક્તિ રૂપી માટી સહેલાઈથી ઘડાઈ જાય છે અને તે પ્રમાણે પોતાનું અસ્તિત્વ પ્રગટ કરે છે. ભક્ત પોતાની રુચિ પ્રમાણે ભગવાનને માતા, પિતા, બંધુ, સખા, પતિ, પુત્ર વગેરેમાંથી ગમે તે સ્વરૂપમાં માની શકે છે અને એના અનુસાર તેમને પ્રત્યુત્તર આપતા અનુભવી શકે છે.

આ સંસારમાં માતાનો સ્નેહ તથા વાત્સલ્ય સર્વશ્રેષ્ઠ છે, તેથી બીજા સંબંધો સ્થાપવાના બદલે ઈશ્વરીય સત્તાને માતાના ભાવે ભજવી સૌથી ઉત્તમ છે. આ માન્યતાના કારણે તે શક્તિ પણ માતાને અનુરૂપ સ્નેહ તથા વાત્સલ્યની સાથે આપણી સામે પ્રગટ થાય છે. ભગવાનને માતાના રૂપમાં પ્રાપ્ત કરવા તે ભક્ત માટે સૌથી આનંદદાયક સૌભાગ્ય છે. તેથી ગાયત્રીને માતાના રૂપમાં માનવામાં આવી છે અને એ જ રૂપમાં તેની પૂજા કરવામાં આવે છે.

ગાયત્રી માતાને નારી રૂપમાં જોવાના કારણે નારીમાત્રને ગાયત્રીમાતાનું સ્વરૂપ માનવાનો ભાવ જાગે છે. સ્ત્રીજાતિમાં માતૃભાવનાની સ્થાપના થવાથી સાધક જ્યારે ગાયત્રી માતાના ચિત્રને એક નારીના રૂપમાં પોતાની સામે રાખીને એનાં ચરણોમાં પોતાનો શુદ્ધ માતૃભાવ સમર્પિત કરે છે, તો આ અભ્યાસ ધીમે ધીમે પરિપક્વ થઈને એવી સ્થિતિએ પહોંચી જાય છે કે કોઈ



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સ્વરૂપવાન અને યુવાન સ્ત્રી પણ તેને ગાયત્રીમાતાનું પ્રતીક લાગે છે. આ માતૃભાવ પ્રાપ્ત થવો તે એક બહુ મોટી આધ્યાત્મિક સફળતા છે.

## નારી પ્રત્યે પૂજ્યભાવના

ગાયત્રી ઉપાસનાથી તમામ નારીઓ પ્રત્યે પવિત્ર ભાવ વધે છે અને તેમના પ્રત્યે શ્રેષ્ઠ વ્યવહાર કરવાની ઇચ્છા સ્વાભાવિક રૂપે જ જાગે છે. આવી ભાવનાવાળો મનુષ્ય નારીસન્માનનો તથા નારીપૂજાનો પ્રબળ સમર્થક હોય છે. આ સમર્થન સમાજમાં સુખ, શાંતિ તથા પ્રગતિ માટે ખૂબ જરૂરી છે. શાસ્ત્રોમાં પણ એનું સમર્થન કરવામાં આવ્યું છે -

**જગદંબામયં માન્યં સ્ત્રીમાત્રમવિશેષતઃ ।**

નારીમાત્રને જગદંબાનું સ્વરૂપ માનો.

**સ્ત્રીણાં નિંદાં પ્રહારંચ કૌટિલ્યં ચાપ્રિયં વચઃ ।**
**આત્મના હિતમન્વિંચ્છન્દેવીભક્તો વિવર્જયેત્ ॥**

પોતાનું કલ્યાણ ઇચ્છનાર માતાનો ઉપાસક સ્ત્રીઓની નિંદા ન કરે, એમને મારે નહિ, એમની સાથે છળકપટ ન કરે કે તેનો જીવ ન દુખાડે.

**યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતાઃ ।**
**યત્ર નાર્યો ન પૂજ્યન્તે સ્મશાનં તત્ર વૈ ગૃહમ્ ॥**

જ્યાં નારીની પૂજા થાય છે ત્યાં દેવો નિવાસ કરે છે. જ્યાં નારીનો તિરસ્કાર થાય છે તે ઘર ખરેખર સ્મશાન છે.

ગાયત્રી ઉપાસકમાં નારીજાતિ પ્રત્યે ગાયત્રી માતા જેવો ભાવ રહે છે. તે તેમને પરમ પૂજ્ય દૃષ્ટિથી જુએ છે. આવી સ્થિતિમાં વાસનાત્મક કુવિચાર તો એની પાસે ફરકતા પણ નથી.



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**વિદ્યાઃ સમસ્તાસ્તવદેવિભેદાઃ સ્ત્રિયઃ સમસ્તાઃસકલાજગત્સુ ।**
**ત્વયૈકયા પરિતમમ્બયેતત્ કા તે સ્તુતિઃ સ્તવ્ય પરાપરોક્તિઃ॥**

– દુર્ગા સપ્તશતી ૧૧/૬

આ સંસારમાં બધી જ પરા તથા અપરા વિદ્યાઓ આપના જ ભેદ છે. મારા સંસારની તમામ નારીઓ આપનું જ રૂપ છે. હે મા ! તમે જ આ સંસારમાં સર્વત્ર વ્યાપેલાં છો. હું કયા શબ્દોમાં તમારી સ્તુતિ કરું ?

## પિતા કરતાં માતા વધારે ઉદાર

ભક્તની કોમળ ભાવનાઓ તો એવું માને છે કે ન્યાયકારી પિતા જો આપણા કોઈક અપરાધથી કોપાયમાન થઈને દંડ કરે તો માતા પોતાની કરુણાથી દ્રવિત થઈને એ દંડમાંથી આપણને બચાવી લેશે. તે માત્ર બચાવી જ નહિ લે, પરંતુ પરમ પિતાને ધમકાવશે પણ ખરી કે મારા ભક્તને દુખ શા માટે આપો છો ? સંસારમાં પૂર્ણ નિર્દોષ કોણ છે ? જ્યારે બધા જ દોષિત છે તો મારા ભક્તો સાથે એવો ઉદાર વ્યવહાર કેમ નથી કરતા ? ભક્ત માને છે કે જ્યારે માતા આ રીતે મારો પક્ષ લેશે તો તેની સામે પિતાને ઝૂકવું પડશે. આ ભાવનાઓની સુંદર અભિવ્યક્તિ જુઓ -

**પિતેવત્વત્પ્રેયાંજનનિ પરિપૂર્ણાગસિજને,**
**હિતસ્રોતી વૃત્યા ભવતિ ચ કદાચિત્કલુષધીઃ ।**
**કિમેતન્નિર્દોષો વા ઇહજગતીતિ ત્વમુચિતૈ,**
**રુપાયૈર્વિસ્માર્ય સ્વજનયસિ માતા તદસિ નઃ ।**

– પારાશર ભટ્ટ

પરમ પિતા પરમાત્મા જ્યારે અપરાધી જીવ પર પિતાની જેમ ગુસ્સે થઈ જાય છે ત્યારે આપ જ એમને સમજાવો છો કે 'આ શું



Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કરો છો ? આ સંસારમાં પૂર્ણ નિર્દોષ કોણ છે ?' તેમનો ક્રોધ શાંત કરીને આપ જ એમનામાં દયાભાવ પેદા કરો છો. તેથી આપ જ અમારી દયાળુ માતા છો.

મહિમામયી માતા પરમ પિતા કરતાં વધારે ઉદાર, વધારે દયાળુ અને વધારે વાત્સલ્યપૂર્ણ છે. આનું એક ઉદાહરણ કવિએ ભગવાન રામ અને જાનકીની તુલનાનું ખૂબ સુંદર ચિત્રણ કરીને આપ્યું છે -

**માતર્મૈથિલિ રાક્ષસીસ્ત્વયિ તદૈવાર્દ્રાપાધાસ્ત્વયા,**
**રક્ષન્ત્યા પવનાત્મજાલ્લઘુતરા રામસ્ય ગોષ્ઠી કૃતા ।**
**કાકં તે ચ વિભીષણં શરણમિત્યુક્તિ ક્ષમૌ રક્ષતઃ,**
**સા નસ્સાન્દ્ર મહાગસસુખયતુ ક્ષાન્તિસ્તવાકસ્મિકી ॥**

રામચંદ્રજીએ પોતાના શરણમાં આવ્યા ત્યારે જ કાક અને વિભીષણનું રક્ષણ કર્યું હતું. એમાં એમનું શું ગૌરવ છે ? જાનકીજીની મહાનતા જુઓ. એમણે અપરાધ કરનારી રાક્ષસીઓને તેમણે કોઈ પ્રાર્થના નહોતી કરી, છતાં પણ દંડ કરવા તૈયાર થયેલા હનુમાનજી પાસેથી છોડાવી. જાનકીજીની કરુણા રામચંદ્રજી કરતાં ઘણી વધારે છે.

આ તો ભક્તની ભાવના અને કવિની અનુભૂતિ છે, પણ વાસ્તવમાં ગાયત્રી ઉપાસના માતાના ખોળામાં બેસીને તેનું પયપાન કરવા સમાન બધી રીતે મંગલમય છે.

મુદ્રક : યુગ નિર્માણ યોજના પ્રેસ, મથુરા.

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org